॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫ ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/–। આજીવન **૧૬,૫૦૦**/–
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

—'મા' સર્વેશ્વરી

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥
તા.૪ ઑક્ટોબર, ૧૯૮૦
(માતાજી જ્યોતિર્મયીનો નિર્વાણદિન)

# 'અધ્યાત્મ'નો વિશેષાંક
## ॥ માતૃદેવો ભવ ॥

'ઈશ્વર બધે પહોંચી વળતો નથી
એટલે એ માને પૃથ્વી પર મોકલી આપે છે.'
—એક યહૂદી કહેવત



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| શ્રી યોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૭ |
| માતાજીને અંજલિ | શ્રી યોગેશ્વરજી | ૧૩ |
| મમતાળુ માતાનાં મધુર સ્મરણો | 'મા' સર્વેશ્વરી | ૧૮ |
| માતા ચંદ્રામણિ : શ્રીરામકૃષ્ણ | સંકલન | ૨૪ |
| માતા અલઘમ્મા : શ્રીરમણ | તરલા દેસાઈ | ૨૭ |
| માતા જ્ઞાનપ્રભા : શ્રીયોગાનંદ | સંકલન | ૩૩ |
| માતા ભુવનેશ્વરી : નરેન્દ્ર | સંકલન | ૩૭ |
| માતા રુકિમણી : શ્રીરંગ અવધૂત | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૪૧ |
| માતા રુક્ષ્મણી : વિનોબા ભાવે | સંકલન | ૪૭ |
| માતા ચંદ્રિકા ઠકાર : વિમલાજી | સંપાદન | ૪૯ |
| માતા ભીખીબા : 'મા' સર્વેશ્વરી | સંપાદન | ૫૨ |
| જીજાબાઈ : શિવાજી | સંકલન | ૫૪ |
| માતાજી સાથેના યાદગાર પ્રસંગો | શ્રી રંજનબેન ઠાકર | ૬૧ |
| 'સ્વર્ગારોહણ'માં પ્રભુનો પ્રાગટ્યદિન | શ્રી રાજુભાઈ જાની<br>શ્રી મયૂરીબેન ટેલર | ૬૨ |



॥ ઋણસ્વીકાર ॥

★ 'શ્રી રામકૃષ્ણદેવ જીવનચરિત્ર' (સ્વામી ધ્રુવેશાનંદ)
★ 'યોગીકથામૃત' (શ્રીયોગાનંદ)
★ 'સ્વામી વિવેકાનંદ' (સ્વામી સર્વસ્થાનંદ)
★ 'નારેશ્વરનો નાથ' (સંપાદન)
★ 'વિનોબા ભાવે' (અનિલ રાવલ)
★ 'શિવાજી' (શ્રુતિ આણેરાવ)

## ॥ નિવેદન : ધન્ય માતા ! ધન્ય પુત્ર ! ॥

'સર્વ પ્રકારના હેતુઓ સિદ્ધ કરે એવો દેહ જેમના લીધે જન્મ્યો, પોષણ પામ્યો એ 'માતાપિતાનું ઋણ' કોઈપણ મનુષ્ય કદીપણ પરિપૂર્ણ કરી શકે નહીં.' એવી વિશદ સમજણ જેમનામાં હોય એ શ્રી યોગેશ્વરજીને સરોડા ત્યજી, સંસારના સર્વ સંબંધો પરહરી, 'પ્રભુપ્રેમની સર્વોપરીતા' સાધવા હિમાલય જવા મૂક અનુમતિ આપનાર માતા જડાવબહેન પ્રત્યે એમનું મસ્તક તો સહજ અવનત રહે જ છે. પણ આપણાં મસ્તક પણ આદરભાવથી એમની આગળ ઝૂકે છે.

ગામડામાં જન્મેલાં, ચાર ચોપડી ભણેલાં, યુવાનીના આરંભે જ વૈધવ્ય આવતાં ભારે આર્થિક ભીંસમાં આવી ગયેલ જડાવબહેનને પોતાના એકના એક પુત્રને નવ વર્ષથી કુમળી વયે મુંબઈ અનાથાશ્રમમાં ભણવા મોકલી દેવો પડેલો. કૉલેજની પુત્રની તેજસ્વી કારકિર્દી તેમને આર્થિક સ્થિરતા-સલામતી બક્ષી શકી હોત પણ પુત્રે તો અભ્યાસ પડતો મૂકી હિમાલય જવા ચાહ્યું. પોતાની અસહાયતા, ગામલોકોની મનોવૃત્તિ, સંસારના સંકટો સામે એકલા ઝઝૂમવાનું-કોઈ જ કારણ આગળ ધર્યા વિના પુત્રના સંન્યાસનો સમજણભર્યો સ્વીકાર કરી લીધો.

માતાના આવા સ્થિર-સંતુલિત પુત્રપ્રેમને સમાંતરે યોગેશ્વરજીએ પણ પોતાનો માતા પ્રત્યેનો ધર્મ પૂરેપૂરી નિષ્ઠાથી નિભાવ્યો. પોતાના તન-મનની કાળજી લેનાર, સામાન્ય-સરેરાશ નારીમાં તેમણે પ્રભુશ્રદ્ધાનું બી વાવ્યું, સંવર્ધિત કર્યું. આ



માર્ગે તેની ગતિ કેમ વધે તેની પ્રેમભરી દરકાર કરી. હિમાલયમાં સાથે રાખ્યાં, ભારતનાં પ્રસિદ્ધ તીર્થધામોની યાત્રા કરાવી, વિદેશની પ્રવચનયાત્રાઓમાં પણ સાથે રાખ્યાં. તેઓશ્રી પુત્રે પસંદ કરેલ 'પ્રકાશના પંથના સફળ યાત્રિક' બની રહ્યાં.

મહાન પ્રજ્ઞાવાન, બ્રહ્મસ્વરૂપ પુત્ર અને અલ્પમતિ માતાનું સ્નેહભર્યું આવું સાયુજ્ય આપણને મુગ્ધ કરી દે એવું છે. વૃદ્ધ માતા જવાબદારી કે બોજો નથી, એના અખૂટ વાત્સલ્યની અમીધારા એને સાધારણ જનનીપદેથી ઉઠાવીને જગદંબા સ્વરૂપે પ્રતિષ્ઠિત કરવા પર્યાપ્ત છે. આવી સ્નેહભરી સમજણમાંથી સહજ રીતે શ્રી યોગેશ્વરજી માતાજીનું 'જડાવબહેનમાંથી જ્યોતિર્મયી માતામાં રૂપાંતર' સિદ્ધ કરી, વિશ્વ સમક્ષ માતૃપ્રેમનું એક ઉજ્જવલ દૃષ્ટાંત ધરી રહે છે.

સાચે જ પુત્ર ગમે તેવો સંત-ભગવંત હોય પણ એનું શિર એની માતાનાં શ્રીચરણોમાં અવનત રહે એમાં જ માતા-પુત્ર બંનેનું ગૌરવ-ગરિમા છે. ધન્ય માતા ! ધન્ય પુત્ર !

---

'પૃથ્વીની પરિક્રમા કરી જે પહેલો આવે તેનાં લગ્ન પહેલાં થશે' શિવજીનું આ વાક્ય સાંભળતાં જ કાર્તિકેય તો પરિક્રમાએ નીકળી ગયા. પણ ગણેશજીએ તો માતાપિતાને આસન પર બેસાડ્યાં, પૂજન કર્યું ને બંને ફરતી સાત પ્રદક્ષિણા કરી. કહેવાય છે કે જે માતાપિતાની પરિક્રમા કરે તેને પૃથ્વી પરનાં તમામ ફળની પ્રાપ્તિ નિશ્ચિત થાય છે.

—'દ્વાદશ જ્યોતિર્લિંગ'

## ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૭
### તા. ૧૨-૧-૮૩, બુધવાર, માગશર વદ ચૌદશ ૨૦૩૯
### પ્રિટોરીઆ - બીનોની

આજે પ્રવચન પ્રિટોરીઆમાં નથી પણ બીનોની નામના શહેરમાં છે, જે અહીંથી સાઠ કિલોમીટરના અંતરે આવેલું છે. ત્યાં રહેવાનો કાર્યક્રમ અમારા નિયમને અનુકૂળ ન હતો, તેથી માત્ર પ્રવચન માટે જ ત્યાં જવાનું નક્કી થયું છે. તે મુજબ આજે સાંજે ત્યાં પ્રવચન માટે જઈશું ને પછી અહીં જ પાછાં આવી જઈશું.

સવારે નિયમિત લેખનનો ક્રમ શરૂ થયો. બરાબર આઠ વાગ્યે દૂધ લેવામાં આવે છે. દૂધ ઠંડું જ. અંદર થોડી ખાંડ નાખવાની. તે દૂધ પૂ.શ્રી લેખન માટે બેઠા હોય ત્યાં જ પ્યાલામાં મૂકવાનું. પૂ.શ્રી પોતાના હાથે જ દૂધ લે. સાથે વિટામીનની એક ટીકડી ને એક મકરધ્વજવટી લે છે. ફરીથી તરત જ લેખન-કાર્ય ચાલુ થઈ જાય છે. લેખનનો ક્રમ એકધારો ચાલ્યા જ કરે છે.

ત્રણ કે સાડા ત્રણ કલાકના લેખન બાદ, માળા લઈને સૂતાં સૂતાં જપ ચાલુ કરે છે.

પોણા બાર વાગ્યે અમે અમારા ઓરડામાં જ ભોજન લીધું. ભોજન બાદ મુલાકાત શરૂ થઈ. આજે જ્યોતિષ, ભૂતપ્રેત, આસન વગેરે વિષે પ્રશ્નો પુછાયા. પૂ.શ્રીએ સૌને સંતોષકારક ઉત્તરો આપ્યા. આજે ઉતારાના બગીચામાં



યજમાનપરિવાર સાથે ફોટા લીધાં. ત્યારબાદ આરામ.

સાંજે અહીંથી બીનોની નામના શહેરમાં પ્રવચન માટે જવાનું નક્કી હતું. સાંજે સાડા છ વાગ્યે નીકળીને સવા સાતે તો તે શહેરમાં પહોંચી ગયાં.

ઈન્ડિયન એરિયામાં જ્યારે અમારી ગાડી પ્રવેશે ત્યારે દિલ્હી સ્ટ્રીટ, કરાંચી સ્ટ્રીટ, હીરા સ્ટ્રીટ, પટેલ સ્ટ્રીટ, મિસ્ત્રી સ્ટ્રીટ વગેરે નામો વાંચવા મળ્યાં. સ્વતંત્ર બંગલાઓમાં ઈન્ડિયનો વસતા હતાં. અહીં પણ આશરે ૫૦૦ જેટલા ગુજરાતી પરિવારો છે. મંદિર પણ તૈયાર થઈ રહ્યું છે, જેમાં વિશાળ હૉલ, ગુજરાતી શાળા, સાધુસંતોને રહેવાની સગવડ વગેરે થશે. કોઈ મોટી ફેકટરીનું બાંધકામ ચાલી રહ્યું હોય એવો તેનો ભવ્ય દેખાવ હતો.

આજના પ્રવચન પહેલાં ફૂલહારથી સ્વાગત થયું. આજે 'નામસ્મરણ' ઉપર જ પ્રવચન આપ્યું. મારે શરૂઆતમાં એક અને પ્રવચન પછી બે ભજનો ગવડાવવાનું બન્યું.

પ્રવચન બાદ ફરી પ્રિટોરીઆ આવવાનું બન્યું ત્યારે રાતના પોણા બાર થઈ ચૂક્યા હતા. આ રીતે ચાર દિવસ આવ-જા કરવાની છે.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

હરિઃ ૐ

—'મા' સર્વેશ્વરી

'મોડી મોડી ખબર પડી, મા તું જ છે જ્યોતિર્ધામ.'

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૭
## તા. ૧૩-૧-૮૩, ગુરુવાર, માગશર વદ ચૌદશ ૨૦૩૯
## પ્રિટોરીઆ શહેર

સાડા ત્રણે સ્નાન કરી, વ્યાયામ કરી, સાડા ચારે પૂ.શ્રી મને ઉઠાડે છે. થોડી આળસ આવે છે કારણ કે રાતે સૂવાનું મોડું થાય છે. પૂ.શ્રી પ્રેમથી ફરી ઉઠાડતાં કહે છેઃ ઊઠો, ભાઈ! આપણે તો યોગી બનવાનું છે.

અને એ રીતે ઊઠી જવાનું બને છે. સ્નાન બાદ વ્યાયામ કરીને મંત્રજપ કરી લેવાનું બને છે. દૂધ પીધા બાદ ડાયરીની નોંધ કરી લઉં છું.

આજે મુલાકાતમાં એક ભાઈએ પૂ.શ્રી પાસે આશીર્વાદ માગતાં જણાવ્યું : હું ગઈ કાલે રાત્રે અગિયાર વાગ્યે દરરોજના નિયમ પ્રમાણે મંત્રજપ કરવા બેઠો હતો. મારી આંખ મીંચેલી હતી. થોડી વારમાં જ દિવ્ય પ્રકાશ થયો અને એમાં, મહાત્માજી ! આપનું તથા મા સર્વેશ્વરીનું તેજોમય સ્વરૂપે દર્શન થયું.

પછી વળી એ દર્શન બંધ થયું. મેં ધ્યાનમાંથી ઊઠીને આંખ ખોલી, તો ખુલ્લી આંખે મને ફરીથી આપ બન્નેનાં દિવ્ય સ્વરૂપોનું દર્શન થયું.

પછી હું પલંગ ઉપર સૂવા ગયો, તો ત્યાં મને બંધ આંખે એકાંતમાં એક મંદિરનું દર્શન થયું. મંદિરમાં ખૂબ અંધારું હતું. નાની બારીમાંથી મેં અંદર જોયું તો હનુમાનજીની આરસની પ્રતિમાનાં દર્શન થયાં. પછી તે પ્રતિમામાંથી એક સાપ



નીકળ્યો ને તે મારી સામે આવ્યો. મારા આ હાથ ઉપર જાણે ડંખ માર્યો. મેં એકદમ ગભરાઈને હાથ ખેંચી લીધો.

ત્યારે ‘મા’ સર્વેશ્વરી ફરીથી દિવ્યરૂપે દર્શન દઈને કહેવા લાગ્યાં કે, ગભરાઈશ નહીં. આ તો આશીર્વાદ આપે છે. તને નહીં કરડે. સર્વેશ્વરીનું તેજ એટલું બધું હતું કે મારાથી સહન ન થયું. મેં આંખ ખોલી નાખતાં હાથ જોડીને કહ્યું કે, ‘મા’ ! હવે બસ કરો.

‘મા’ સર્વેશ્વરીનું સ્વરૂપ જગદંબા જેવું જ અલૌકિક હતું. મહાત્માજી મને શંકર ભગવાનના સ્વરૂપ જેવા તેજસ્વી લાગ્યાં.

એ ભાઈએ પોતાને થયેલા અનુભવનું વર્ણન પૂર્ણ કર્યું અને પૂ.શ્રી પાસે કોઈ મંત્રની માગણી કરતાં કહ્યું કે, આપ મને મંત્ર આપો. મારા ઘરે હનુમાનજીની સ્થાપના છે, ત્યાં આપનાં પુનિત પગલાં પાડીને આશીર્વાદ આપો.

પૂ.શ્રીએ કહ્યુંઃ આશીર્વાદ તો છે જ. ઘરે આવવાનું તો અશક્ય છે.

આજની મુલાકાતમાં એક બહેનને સૂચના મુજબ આસન કરાવ્યાં. વળી, સર્વમંગલ ટ્રસ્ટની પ્રવૃત્તિ વિષે થોડી વાતો થઈ.

સૌ ભાઈબહેનોની ઈચ્છા મારી પાસે ભજન ગવડાવવાની હતી, તેથી પૂ.શ્રીએ મને ભજન ગાવાનું કહ્યું, ને સાથે સાથે જણાવ્યું કે મા સર્વેશ્વરી પોતાના અનુભવોનો વાર્તાલાપ પણ આપે છે.

એ સાંભળી તરત જ સૌએ એ અનુભવો સંભળાવવાની વિનંતિ કરી.

પરિણામે મેં અડધો કલાક વાર્તાલાપ આપ્યો. પછી શંકર ભગવાનની સ્તુતિ ગાઈ સંભળાવી. વળી, પેલા ભાઈને પૂ.શ્રીએ લખેલી હનુમાનજીની સ્તુતિ પણ ગાઈ સંભળાવી.

જેમને અનુભવ થયેલો તે ભાઈ વરસોથી હનુમાનજીના ઉપાસક છે. છેક બાળપણથી રામ ને હનુમાનજીને ભજે છે. પ્રિટોરીઆમાં એ ભાઈને લોકો છગનભાઈના નામ કરતાં હનુમાનજીના નામે વધારે જાણે છે. તેઓ રામાનંદી સંપ્રદાયના બાવાજી છે. તેમણે મારી સાથે વાત કરતાં પાછળથી જણાવ્યું: હું ચાલીસ વરસથી હનુમાનજીના જ જપ કરું છું. મને ઘણીવાર આવા દિવ્ય અનુભવો થાય છે. 'મા' ! તમે પણ મારા ઉપર કૃપા કર્યા કરજો. તમે મારા વતી મહાત્માજીને વિનંતી કરજો કે તેઓ મારા ઘરે પગલાં પાડે. તેથી મને ખૂબ ખૂબ આનંદ થશે. દિવ્યરૂપે તો આપ આવ્યાં જ છો. બંને આ રીતે પણ આવો તો મને ઘણું બળ મળે.

વાતો પૂરી થતાં હું ચાલવા માંડી, તો તે ભાઈએ કહ્યું: તમે ઊભાં રહો. મારે પ્રણામ કરવા છે. આશીર્વાદ લેવા છે. એમ કહી તે ભાઈ અને તેમની સાથે રશ્મિબહેન નામનાં એક બહેન હતાં એ બન્નેએ સાષ્ટાંગ પ્રણામ કર્યા.

બપોરે મુલાકાત બાદ એક બહેન મળે છે. તે બહેનની મુશ્કેલી એ હતી કે તેમના પતિ કહે કે, હું જ તારો ગુરુ ને હું જે મંત્ર આપું તે જ તારે જપવાનો, પણ એ મંત્ર પત્નીને ફાવતો ન હતો. પૂ.શ્રીએ તેને સરળ માર્ગદર્શન આપ્યું. તે બહેન બસો રેન્ડ પૂ.શ્રીને ભેટ ધરવા માગતાં હતાં. તેમણે ખૂબ આગ્રહ કર્યો. પણ પૂ.શ્રીએ ના પાડી. તેમને સંતોષ થાય



તે માટે પૂ.શ્રીએ નાછૂટકે પાંચ રેન્ડની એક નોટ લીધી ને બાકીની બધી રકમ પાછી આપી દીધી.

ગઈ કાલે એક વૃદ્ધ બહેનનો ફોન હતો કે, મારે શ્રી યોગેશ્વરજીના માસિકના આજીવન સભ્ય થવું છે. પણ તેઓ મારે ઘરે પધારે ત્યારે લવાજમની રકમ તેમના જ હાથમાં આપવા માંગુ છું. પૂ.શ્રીએ તેમને કહેવડાવ્યું કે, સભ્ય થવું હોય તો થાઓ, પણ મારાથી ઘરે નહિ અવાય.

પૂ.શ્રીની આવી નિર્લોભ વૃત્તિ જોઈને છેવટે તે બહેન જ ઉતારા ઉપર આવીને સભ્ય બની ગયાં.

પ્રિટોરીઆથી આજે વિદાય થવાનું હતું. શ્રી પ્રીતમભાઈના પવિત્ર પરિવારના પ્રેમભર્યા સ્મરણ સાથે અમે વિદાય લીધી. બીનોની આજે પ્રવચન હતું. પ્રવચન પછી એક કલાકની મુસાફરી બાદ જોહાનિસબર્ગના લેનેશિયા વિસ્તારમાં અમારા જૂના ને જાણીતા ઉતારા ઉપર આવી ગયાં. રાત્રે પોણા બાર વાગી ગયા હતા. તેથી દૂધ પીને આરામ કર્યો.

હરિઃ ૐ

**—'મા' સર્વેશ્વરી**

**'આ રહ્યો તારો ધર્મ અને**
**આ રહ્યો તારો અધર્મ**
**બન્ને લઈ લે મા !**
**અને મને કેવળ તારા તરફનો વિશુદ્ધ પ્રેમ આપ.'**

—શ્રી રામકૃષ્ણ

# ॥ માતાજીને અંજલિ ॥

સંસારમાં લૌકિક રીતે માનવના બે મુખ્ય મહત્ત્વના સંબંધો મનાય છે : એક સંબંધ પિતાનો, બીજો માતાનો. મારા વ્યક્તિગત જીવનપ્રવાસમાં પિતાનો સંબંધ સાંસારિક રીતે મારી આઠેક વરસની વયે પૂરો થયો. એ પછી પચાસેક વરસ સુધી માતાજીનો સંબંધ રહી શક્યો. તેમાં પણ છેલ્લાં ત્રીસેક વરસ તો એ સર્વ પ્રકારના બાહ્ય સાંસારિક સંબંધોને પરિત્યાગીને કે ગૌણ ગણીને, બીજી લૌકિક પ્રવૃત્તિઓને તિલાંજલિ આપીને મારી સાથે જ રહ્યાં, એ ઈતિહાસ સુવિદિત છે. છેલ્લે છેલ્લે ભાવનગરમાં ચોથી ઓકટોબર ૧૯૮૦ ની સવારે એમણે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો તે વખતે પણ અમે સાથે જ હતા.

માતાજી મારી સાથે રહેતાં એ તો સાચું જ, પરંતુ સમજપૂર્વક સાથે રહેતાં એ પણ એટલું જ સાચું હતું. એ મારી સાથે રહેવા આવ્યાં તે પછીથી ક્રમે ક્રમે મારી અનુકૂળતા પ્રમાણે મેં એમને મારી સાધનાથી સુપરિચિત કરેલાં, જેથી એ સમજી શકે કે અમારા હિમાલયનિવાસની પાછળ એક ઉદાત્ત અસાધારણ આદર્શ કામ કરી રહ્યો છે. મારા સાધનાત્મક જીવન દરમિયાન વચ્ચે વચ્ચે જે દીર્ઘકાલીન કે અલ્પકાલીન ઉપવાસો થતા તેમના પ્રયોજનથી પણ હું એમને પરિચિત રાખતો. એ પ્રયોજનને એ એમની રીતે સમજી શકતાં, અને એથી જ મારા માર્ગમાં અંતરાયરૂપ બનીને મુશ્કેલી ઊભી કરવાને બદલે બનતી બધી રીતે મદદરૂપ બનતાં. એ સારી પેઠે સમજી શકતાં કે મારા



જીવનનું પ્રયોજન સદાને માટે સર્વ સંગ પરિત્યાગી બનીને સમાજનો સંબંધ વિચ્છેદ કરીને બેસી રહેવાનું કે જીવનને હિમાલયના નિતાંત એકાંતમાં નિર્ગમન કરી દેવાનું અને એક દિવસે અવનીમાંથી અજ્ઞાત રીતે અદૃશ્ય થઈ જવાનું નથી. એકાંતવાસ અથવા સર્વસંગપરિત્યાગનો બહારનો સ્થૂળ તબક્કો તો એક મહાન વિરાટ લોકહિતકારક ધ્યેયની સિદ્ધિ માટેનો વચગાળાનો કામચલાઉ તબક્કો છે. એને ઈશ્વરની ઈચ્છા કે યોજના સમજીને ધીરજ, હિંમત, શાંતિપૂર્વક સાધનાપરાયણ બનીને પસાર કરવાનો છે. એવી સુસ્પષ્ટ સમજણને લીધે એમને એકાંતવાસ કરવામાં આનંદ આવતો અને સંતોષાનુભવ થતો. એમના જ્યોતિર્મય જીવનના એ પાસાને સમજવા જેવું છે.

સૌથી પ્રથમ મેં ઈ.સ. ૧૯૪૧માં હિમાલયપ્રયાણ કર્યું. એ પછી ૧૯૪૨ના અંતે પુનઃપ્રયાણ કર્યું. ત્યારે એમને મારી મનોદશાથી માહિતગાર કરીને જ મેં પ્રયાણ કરેલું. એમને માટે એ વખતે ત્યાગના એ આદર્શને અને મારી સાધનાત્મક ભૂમિકાને સમજવાનું સહેલું ન હતું. એ છતાં પણ એમણે મારો વિરોધ નહોતો કર્યો. પાછળથી વાત નીકળતાં એ કહેતાં કે હું એ વખતે વિરોધ કરત તોપણ તમે તો જાત જ કે ધારેલું કરત જ. પછી વિરોધ કરીને શું કરું? એટલે મેં વિરોધ ના કર્યો. હિમાલયમાં આઠેક દિવસ હું એકલો જ રહ્યો ત્યારે એ ઘેર સરોડા કે વડોદરા રહેતાં. એમને માથે એમનાં સાસુની ને નાની બહેન તારાની સંભાળ રાખવાની સાંસારિક જવાબદારી હતી. એ જવાબદારીમાંથી મુક્તિ મેળવીને એ મારી સાથે સદાને માટે

રહેવા આવ્યાં ત્યારે પણ મેં એમને અમારા દેવપ્રયાગના નિવાસ દરમિયાન ને પાછળથી ઋષિકેશના ભરતમંદિરમાં ગીતા અને ઉપનિષદના શ્લોકો શુદ્ધ રીતે બોલતાં ને સમજતાં શીખવેલા. એમને જપ અને ધ્યાનની વિધિ પણ બતાવેલી. એમની રહીસહી દુન્યવી મમતા અને આકર્ષણવૃત્તિનો અંત આણવા માટે એમને અવારનવાર ઉપદેશો પણ આપેલા, એવી રીતે એક કેવળ સાથે રહીને મારી સાધનાનાં મૂક પ્રેક્ષક તરીકે બેસી જ ના રહે, પરંતુ આધ્યાત્મિક માર્ગે આગળ વધીને જીવનધારણને ધન્ય બનાવે એવા પ્રયત્નો કરેલા. એ પ્રયત્નો ક્રમેક્રમે વખતના વીતવા સાથે સફળ થયેલા એનો મને સંતોષ હતો.

મારા જીવનની એક ઇચ્છા હતી કે એમનું શરીર જ્યારે પણ શાંત થાય ત્યારે મારી સંનિધિમાં જ શાંત થાય. અને બીજી ઇચ્છા એ હતી કે એમનો આત્મા અલૌકિક બનીને રાગદ્વેષ રહિત થઈ ને પરબ્રહ્મ પરમાત્મામાં મળી જાય. પાછલા દિવસોમાં એમનું શરીર ડાયાબિટીસને લીધે અસ્વસ્થ રહેતું હોવાથી કદીક એ મારી પાસે ના પણ રહી શક્યાં. ભાવનગરમાં એમનું સ્થૂળ શરીર શાંત થયું ત્યારે એ મારી સાથે જ હતાં. મારી એ ઇચ્છા એવી રીતે પ્રભુકૃપાથી પૂરી થઈ અને અંતકાળે એમનો આત્મા અત્યધિક અલૌકિક, આવરણરહિત બન્યો, એ અવલોકીને મને અસાધારણ આનંદ થયો. હવે એ સૂક્ષ્મરૂપે પણ સંસારમાં નથી રહ્યાં. પરબ્રહ્મ પરમાત્મામાં ભળી ગયાં છે. એ જોઈને મને સંતોષ થયો છે મારી બીજી ઇચ્છા પણ એવી રીતે પૂરી થઈ છે.



એ પોતે તો ઉજ્જવળ જીવન જીવી જ ગયાં છે. પરંતુ સાથે સાથે અન્યને માટે જ્યોતિર્મય જીવનની પાર વિનાની પ્રેરણા મૂકતાં ગયાં છે.

એમની સેવા કરવાનો સુયોગ સાંપડ્યો એ ઈશ્વરની કૃપા. મા સર્વેશ્વરીએ એમાં સાથ પુરાવ્યો, સહયોગ આપ્યો. મા સર્વેશ્વરીને મા કેમ કહેવામાં આવે છે, એની પ્રતીતિ મને માતાજીના જીવનના એ અંતિમ દિવસોમાં થઈ શકી. મા સર્વેશ્વરીએ મારી સાથે રહીને સદાય સ્મિતપૂર્વક, કોઈ પણ પ્રકારના કંટાળા વિના, માતાજીની સેવા કરી. માતાજીનાં મળમૂત્રને સાફ કરવાથી માંડીને એમના શરીરે તેલ ચોળવું, પાવડર છાંટવો, અને એમને પ્રસન્ન રાખવા માટે અવારનવાર પ્રેમપૂર્વક શબ્દો કહેવા, એ બધું મા વિના બીજું કોણ કરી શકે ? એમના એ મા રૂપની ત્યારે પ્રતીતિ થઈ. એમના માથે સેવાની કોઈ સાંસારિક જવાબદારી નહોતી. તોપણ એમણે જે પરમ પ્રેમભાવે એ સેવાકાર્ય ઉપાડી લીધું એને લીધે માતાજીનો એમને માટેનો પ્રેમભાવ વધી પડ્યો. એ પ્રબળ પ્રેમભાવને એમણે અનેક રીતે અનેક વાર પ્રગટ કર્યો. સર્વેશ્વરીની સેવાથી એમને પરમ સંતોષ થયો. સર્વેશ્વરીને પોતાને પણ શાંતિ થઈ. વસવસો એટલો જ રહી ગયો કે માતાજી હજી થોડુંક વધારે જીવી ના શક્યાં ! મા સર્વેશ્વરીની એવી ભાવના હતી, એ ભાવનાની અભિવ્યક્તિ એમણે મારી આગળ અનેકવાર કરેલી. પરંતુ એ તો બધું ઈશ્વરના હાથમાં હોય છે. આપણે આપણા કર્તવ્યથી જ સંતોષ માનવો પડે છે.

માતાજી કોઈ સામાન્ય સાંસારિક માનવી ન હતાં કિન્તુ અધ્યાત્મરંગે રંગાયેલાં પરમ ત્યાગી પરમાત્માપ્રેમી તપસ્વિની હતાં. એથી જ એમની ભૂમિકા અને એમના ગૌરવને અનુરૂપ, એમના મૃત શરીરને હૉસ્પિટલના સ્પેશિયલરૂમ પરથી અમારા નિવાસસ્થાન પર ચોથી તારીખે સવારે મોટરમાં જ પહોંચાડવામાં આવ્યું અને પાંચમી ઓક્ટોબરે સવારે એમની નનામી કરવાને બદલે એમને મોટરટ્રકમાં સુવાડીને જ સ્મશાનયાત્રા કાઢવામાં આવી. પહેલાં એમને પાલખીમાં બેસાડીને લઈ જવાનો વિચાર હતો કિન્તુ પાછળથી એ વિચાર કૃત્રિમ લાગવાથી એમને પુષ્પમાળાના ઢગલા સાથે સુવાડીને લઈ જવામાં આવ્યાં. બીજે દિવસે પણ એમના હાથપગ એવા જ સહેલાઈથી વળતા હતા અને એમનું વદન પણ મુલાયમ રહેલું. એ એમની વિશિષ્ટતા હતી.

—શ્રી યોગેશ્વરજી

વિલાયત જતા ગાંધીજીને સ્ટીમરમાં એક ભલા અંગ્રેજે કહ્યું; ‘ઈંગ્લેડમાં એટલી ટાઢ પડે છે કે, માંસ વિના ચાલે જ નહીં.’ તો ગાંધીજીએ કહ્યું; ‘તમારી સલાહને સારું આભાર. પણ તે ન લેવા હું મારા માતુશ્રી સાથે બંધાયેલો છું. જો તે વિના નહીં જ ચાલે તો હું પાછો હિન્દુસ્તાન જઈશ પણ માંસ તો નહીં જ ખાઉં.’

—‘સત્યના પ્રયોગો’



## ॥ મમતાળુ માતાનાં મધુર સ્મરણો ॥

ભાવનગરની ભાગ્યશાળી ભૂમિ ઉપર ફરી એકવાર પૂ.શ્રી યોગેશ્વરજીનાં માતાજીની નજીક આવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. એ મહાન તપસ્વી માતા અને એના વિશ્વવિભૂતિ બની રહેલા સંતપુત્રના જીવનને નિહાળવાનું મળ્યું.

આજે તો ભાવનગરની ભૂમિ મને સુખી અને દુઃખી સ્મૃતિઓથી ઘેરી વળી છે. (બન્ને પ્રકારની સ્મૃતિનું સંસ્મરણ આવશ્યક છે.)

વરસોથી પૂ.શ્રી યોગેશ્વરજીની સાથે એમના માતાજી શ્રી જ્યોતિર્મયીનું દર્શન દરેક શહેરમાં પ્રવચન સાંભળનાર દરેક વ્યક્તિને એકસાથે એક મંચ ઉપર થતું. એ રીતે ઈ.સ. ૧૯૭૦ થી મને પણ એ માતાપુત્રની વિરલ અધ્યાત્મિક જોડીને નિહાળવાનું સદ્‌ભાગ્ય મળ્યા કર્યું છે.

પૂ.શ્રી યોગેશ્વરજીની પ્રથમ વિદેશયાત્રાના વિદાય સમારંભમાં અમદાવાદ જવાનું બન્યું. સમારંભને અંતે પ્રથમવાર પૂ.શ્રીના બહેનના ઘરે રહેવાનો આગ્રહ થયો. રાત્રે મોડા પણ ભોજન તૈયાર થયું. માતાજીના અતિઆગ્રહને વશ થઈ તે ભોજન લીધું. વળી નડિયાદ એકવાર ધૂળેટીને દિવસે માતાજીના હાથનો પ્રસાદ મેળવવાનું સદ્‌ભાગ્ય મળ્યું.

સૂરતમાં ૧૯૭૭માં પ્રકાશના પંથે પુસ્તકનું ઉદ્‌ઘાટન થયું તેના બે ત્રણ દિવસ બાદ રાત્રે માતાજી પાસે બેસવાનું સદ્‌ભાગ્ય શ્રી વીણાબહેન અને નિરંજનાબહેનને લીધે મળ્યું. જેમાં માતાજીએ પોતાના જીવનપ્રસંગો અમને વર્ણવ્યા હતા. જેમાંનો એક પ્રસંગ તેમના શ્રીમુખે જ સાંભળીએ :

"મહાત્માજી પાસે દેવપ્રયાગની કુટિયામાં મારે રહેવાનું બન્યું ત્યારે તેઓ દીવો તો રાત્રે કરતા જ નહીં. આખી રાત અંધારામાં જ પસાર કરતા. કુટિયામાં સાપ, વીંછી ને જુદા જુદા જીવજંતુઓ ફરતાં.

એકવાર રાત્રે મને કંઈક ભયંકર દર્દ શરૂ થયું. સાપ જ કરડ્યો હશે. વેદના વધતાં મહાત્માને મેં બૂમ મારી. મહાત્માજી કહે કશું નથી, ભગવાનનું નામ લો. પણ ફરી વેદના વધતાં દીવો કર્યો. કશું દેખાયું નહીં.

પણ પર્વતની નીચે કુટિયાથી બે ફર્લાંગ જેટલે દૂર મગનભાઈ ભટ્ટનું ઘર આવે ત્યાં અમે બન્ને રાત્રે દોઢ બે વાગ્યે પહોંચ્યાં. ઈંજેક્શન લીધું. કમ્પાઉન્ડરે કહ્યું, અહીં જ સૂઈ જાઓ જેથી પીડા વધે તો ઉપાય થાય. મેં ના પાડી. હું તો મહાત્માજી સાથે જ રહીશ. ને ફરી અમે બે ફર્લાંગ ચાલીને પર્વત ઉપર કુટિયામાં આવ્યાં. આખીરાત કુટિયાની નાની બારી જેવા બારણાની બહાર મોઢું રાખીને બેસી રહેવું પડ્યું. સવાર સુધી ઉલટી થતી રહી. સવારે કમ્પાઉન્ડર અમારી કુટિયા ઉપર આવ્યા. તેને નવાઈ લાગી કે હું હજી જીવું છું."

પ્રસંગ અમે સાંભળી રહ્યા. માતાજીની કેવી અદ્‌ભુત સહનશક્તિ, કેવો કષ્ટપ્રદ હિમાલયપ્રવાસ અને છતાં પોતાના દુઃખને નગણ્ય ગણી મહાત્માજી સાથે જ રહેવાની કેવી ભાવના !

એકવાર મણિનગર બપોરે ૩-૩૦ વાગ્યે મારે પહોંચવાનું થયું. પૂ.શ્રી નો રૂમ ખુલ્લો હતો. માતાજી પલંગ ઉપર બેઠાં હતાં. અમને અંદર બોલાવી લીધાં. મેં મારી પાસેની ફૂલની માળા માતાજીને પહેરાવી અને બીજી માળા પૂ.શ્રી રૂમમાં આંટા



મારતા હતા તેમને પહેરવવાની તૈયારી કરી ત્યાં જ પૂ.શ્રી કહેવા લાગ્યા, હજી વાર છે.

ત્યારે મને સમજાયું કે હજી ચાર વાગ્યા નથી. સમય પાલનના ચુસ્ત આગ્રહી આ સંતપુરુષ ને મળવાનો (મુલાકાતનો) સમય હજી થયો નથી.

તો એ રૂમમાં પ્રવેશવાનું સદ્‌ભાગ્ય કોને લીધે મળ્યું ? સૌ કોઈ મુલાકાતીઓને પોતાના જ લાગતા આ માતાજીને લીધે ! માતાજીનો પવિત્ર પ્રેમભાવ એવો કે મુલાકાતીઓને તેઓ સમય થયો ન હોય તો પણ પ્રેમથી આવકારતાં.

વળી દક્ષિણની યાત્રાએ પૂ.શ્રી સાથે જોડાવાનું સદ્‌ભાગ્ય મળ્યું. અમારો પ્રથમ વિશ્રામ નાશિકમાં હતો. રાત્રિના સત્સંગમાં પૂ.શ્રીના નાશિકમાં થયેલા ઉપવાસોનું વર્ણન પ્રકાશના પંથેમાંથી વંચાયું. બીજે દિવસે તે ઉપવાસનું સ્થળ જોવા અમને ઈચ્છા થઈ તો માતાજી સાથે અમે તે સ્થળ જોવા ગયાં. અમારી સાથે માતાજી આવ્યાં ને એ નેમાણીનો બંગલો કે જેમાં પૂ.શ્રી ક્યાં બેસતા, ઉપવાસો સમયે તેમની સ્થિતિ કેવી હતી, ચંપકભાઈનો ઉત્સાહ કેવો હતો. વળી પ્રકાશના પંથેમાં ફોટો છે તે ક્યાંનો હતો તે બધી જ જગ્યા બતાવીને ખૂબ પ્રેમપૂર્વક વાતો કરી.

પોતાના લાડકવાયાની સાધનાની ભૂમિનું દર્શન કરતાં અને અન્યને કરાવતાં કયી માતાને આનંદ ના થાય ? અને એમાં પણ સાધનામાં સમજપૂર્વકનો સહકાર આપનાર આ માતાના મુખ ઉપર જીવનકર્તવ્ય બજાવ્યાનો સંતોષ અને પ્રસન્નતા અમે સૌ જોઈ શક્યાં.

આ વરસે વડોદરા માતાજી સાથે થોડા દિવસો રહેવાનું

સદ્‌ભાગ્ય મળ્યું. પોતાનું કાર્ય પોતે જ કરી લેવાનો એમનો આગ્રહ જોવા મળ્યો; જેથી માતાજીના જીવનમાં વિશેષ સેવા કરવાની તક ત્યારે ન મળી.

ઓગસ્ટની વીસમી તારીખે માતાજી સાથે અમે ભાવનગર આવ્યાં. ત્યારપછીની ઘટના સુવિદિત છે.

માતાજીની માંદગી વધવા લાગી. પરિણામે માતાજીને પથારીવશ થવું પડ્યું. ધીરે ધીરે માતાજી માટે દૂધ, મોસંબીનો રસ, નાળિયેરનું પાણી તૈયાર કરવાનું સેવાકાર્ય મળવા માંડ્યું. વળી માતાજીને સ્નાન કરાવવાનું ને મળત્યાગ કરાવવાનું પૂ.શ્રીનું સેવા કાર્ય હતું તેમાં મદદરૂપ થવાનું શરૂ થયું.

માતાજીએ તા.૧૯ ઓગસ્ટે શક્તિનું ઈજેંક્શન જે અમદાવાદમાં લીધું હતું તે ઈજેંક્શન પાક ઉપર ચઢતાં ફરજિયાત તા.૧૫મી સપ્ટેમ્બરે તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યાં.

સેવાભાવી ડોક્ટરોની વિશેષ કાળજીથી સ્પેશ્યલ રૂમ મળી શક્યો. જેમાં એક નાનકડા ઘર જેવા સ્વતંત્ર રૂમમાં માતાજીની સારવાર હોસ્પિટલમાં જ શરૂ થઈ.

તા.૧૬/૦૯/૮૦ના રોજ માતાજીના એ ઈજેંક્શનના પાક ઉપર તાત્કાલિક ઓપરેશન કરવું પડ્યું અને ત્યારથી તેઓએ સંપૂર્ણ સેવા લેવી પડે એવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો.

વૃદ્ધાવસ્થા, ડાયાબીટીસની બિમારી, ઑપરેશનની વ્યથા, અસહ્ય દર્દની વેદના છતાં માતાજી ખૂબ શાંતિથી કોઈપણ પ્રકારના પ્રલાપો સિવાય સૂઈ રહેતાં. દિવસરાત કંઈ કેટલી-દવાની ટીકડીઓ એમને આપવી જ પડતી તો શાંતિથી ગળે



ઉતારવાની અસહ્ય તકલીફ છતાં નારાજી ન બતાવતાં. કંટાળો કે ગુસ્સો પણ પ્રદર્શિત ન કરતાં.

સામાન્ય માનવને વરસોથી તપશ્ચર્યા પછી મળતો શાંત સ્વભાવ માતાજીમાં સ્વાભાવિક રીતે દૃષ્ટિગોચર થતો હતો.

માતાજીએ પોતાની સર્વ પ્રકારની સેવા થાય છે તેની સંતોષ સાથે નોંધ લીધી. નોંધ લઈને બેસી ન રહેતાં જે તે યોગ્ય વ્યક્તિ આગળ પોતે મહાત્માજીની અને મારી સેવાની નોંધ પ્રગટ કરતાં.

ઓપરેશન પછી તરત જ મને માતાજીએ કહ્યું, ‘બેન તેં મારી ખૂબ સેવા કરી.’ ત્યારપછીના દિવસોમાં માતાજીને મારામાં એક પ્રકારનો વિશ્વાસ વધતો ગયો, જેથી માતાજી વિવિધ વહાલભર્યાં સંબોધનો કરી કરીને મને પાસે બોલાવતાં. કહેતાં કે તું મને છોડીને જઈશ નહીં, મારી સાથે જ રહેજે. તું સેવા કરે છે ભલું કરે ભગવાન તારું. વળી એમની દીકરીને બોલાવીને કહ્યું. એ ખૂબ પ્રેમથી સેવા કરે છે. એ તો મારી છોકરી છે, -વગેરે વગેરે.

હૉસ્પિટલમાં માંદગીના બિછાને (જેને માતાજી વારંવાર મરણપથારી કહેતાં) પોઢેલાં માતાજી અન્યની નાનકડી પ્રેમથી કરાયેલી સેવાની મુક્તકંઠે પ્રશંસા કરવાની ઉદારતા ધરાવતાં હતાં.

માતાજીએ પોતે તા.૪થી ઓક્ટોબરે દેહત્યાગ કર્યો તે પહેલાંના ૧૯ દિવસોમાં માતાજીનું પવિત્ર પ્રેમસ્વરૂપ પૂર્ણ પ્રકાશિત થઈ મારા ઉપર અલૌકિક પ્રેમવર્ષા ને શુભાશિષોની વર્ષા વરસાવતું હતું. મધુર, મમતાભર્યું માનું હૈયું કેવું હોય એની

પ્રતીતિ જ્યારે જ્યારે માતાજી મારા ગળે હાથ વીંટાળીને વહાલ વરરસાવતાં, વાતો કરતાં ત્યારે ત્યારે અનુભવવા મળતી. માતાજીના આશીર્વાદ ને એમના પવિત્ર પ્રેમને હું પાત્ર બની શકી એવા આત્મસંતોષ સાથે એમની સેવા શ્રેષ્ઠ રીતે કરવાની નવી તાજગી, નવી શક્તિ નવી પ્રેરણા માતાજી દ્વારા હું મેળવી શકતી.

કોઈ શ્રેષ્ઠ યોદ્ધો યુદ્ધ માટે હંમેશાં તૈયાર રહે, એને જીવનમરણની ફિકર ન હોય એવા જ કોઈ શ્રેષ્ઠ યોદ્ધાનાં દર્શન માતાજીમાં મને થયાં. એઓ કહેતાં મને જીવનનો હરખ નથી, મરણનો શોક નથી. જે થવાનું હશે તે થશે. હું મહાત્માજી પાસે છું એટલે મને નિરાંત છે. જવાનું થશે તો પણ વાંધો નથી. વગેરે...

આવા શબ્દો આવી મરણોન્મુખ બીમારીમાં કોણ બોલી શકે ? એ તો જેને સમર્થ સંતની ઓથ મળી ગઈ હોય, જેનું જીવન કર્તવ્ય બજાવ્યાના આનંદથી સંતુષ્ટ થયું હોય, જેને પ્રભુના સુખદ કે દુઃખદ કોઈપણ નિર્ણયમાં પોતાનું કલ્યાણ છે એવી શ્રદ્ધાભક્તિભરી સમજ પ્રગટી ચૂકી હોય, તે જ આ શબ્દો બોલી શકે.

માતાજીમાં આ સર્વ કાંઈ હતું. તપસ્વિની માતાએ પોતાનું જીવન ધન્ય બનાવ્યું. ને શાંતિથી વિદાય પણ લીધી.

'જય જય શ્રી જ્યોતિર્મયી માત !<br>ધન્ય ધન્ય તપસ્વિની માત !<br>વંદું તુજને વારંવાર'.

—'મા' સર્વેશ્વરી



# ॥ માતા ચંદ્રામણિ અને શ્રીરામકૃષ્ણ ॥

## (દિવ્યાત્માનું અવતરણ)

શ્રીરામકૃષ્ણના પિતાશ્રી ખુદીરામને ગયાની ધર્મશાળામાં એક અલૌકિક સ્વપ્ન આવ્યું જેમાં એક દિવ્ય પુરુષ સ્નેહભરી નજરે પોતાના તરફ જોઈ રહ્યા છે અને ઈશારાથી પોતાને તેમની નજીક બોલાવી રહ્યા છે. ખુદીરામે તેમની પાસે જઈ દંડવત્ પ્રણામ કર્યા. તો એ દિવ્ય પુરુષે અતિશય મીઠા શબ્દોમાં કહ્યું; 'હું તમારી ભક્તિથી ખૂબ પ્રસન્ન થયો છું તમારે ત્યાં હું પુત્રરૂપે જન્મ લઈશ.'

આ અનુભવ પછી ખુદીરામ કામારપુકુર પરત આવ્યા. ત્યારે તેમનાં પત્ની ચંદ્રામણિએ તેમને પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું : 'એક દિવસ જુગી મહાશયના શિવમંદિરે હું પૂજા કરવા ગઈ હતી; ત્યાં તે શિવલિંગમાંથી એક વિશાળ જ્યોતિ નીકળી અને મોટા મોજાંના રૂપમાં એ જ્યોતિએ મને આખેઆખી ઢાંકી દીધી અને પ્રબળ વેગથી મારા શરીરમાં પ્રવેશ કરવા લાગી. ત્યારથી મારા ઉદરમાં ગર્ભનો સંચાર થયો હોય એમ મને લાગે છે.'

ખુદીરામે આ વાત સાંભળીને ગયાધામના પોતાના સ્વપ્નની વાત કરી અને કહ્યું કે, શ્રી ગદાધરે મને અલૌકિક રીતે જણાવ્યું છે કે, 'આપણે ત્યાં હજી એક પુત્ર અવતરશે.' આ વાત સાંભળીને ચંદ્રામણિને શાંતિ થઈ અને તે પૂર્ણભાવે શ્રી રઘુવીરનું શરણ લઈને રહેવા લાગી. આપન્નસત્ત્વા ચંદ્રામણિને હવે વધારે

ને વધારે દિવ્ય દર્શનો થવા લાગ્યા.

આખરે જે શુભ દિવસની આ પવિત્ર દંપતી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં હતાં તે આવી પહોંચ્યો.

રાત્રિ પૂરી થવાને એકાદ કલાક બાકી હતો ને ચંદ્રામણિને પ્રસવપીડા શરૂ થઈ. પડોશણ ધનીની મદદથી તે ડાંગર ખાંડવાના છાપરામાં જઈને સૂતાં અને થોડી જ વારમાં પ્રસવ થયો. ધની જ્યાં નવા જન્મેલા બાળકને લેવા જાય છે ત્યાં તેણે જોયું તો જે ઠેકાણે બાળકને પોતે મૂક્યું હતું ત્યારથી બાળક ગુમ થયું છે ! ભયભીત ધનીએ દીવાની વાટ સંકોરીને તેને વધુ તેજ કરી, આજુબાજુ જોવા લાગી તો તેને દેખાયું કે, તાજું જન્મેલું બાળક સરકતું-સરકતું ડાંગર બાફવાની મોટી ચૂલના મોઢામાં પેસીને આખે શરીરે રાખે ભરેલું 'ભસ્માંગરાગ' થયેલું પડ્યું છે અને હુંકારો ય કરતું નથી !

ધની નવાઈ પામી પણ હળવેકથી બાળકને ઉઠાવી લીધું અને સાફસૂફ કરીને દીવાના અજવાળામાં જોયું તો અદ્‌ભુત સુંદર દેખાવડો અને છ મહિના જેવડો મોટો છોકરો હતો !

આમ પવિત્ર બ્રાહ્મમૂહુર્તમાં ખુદીરામની ગરીબ પર્ણકુટિ મંગળ શંખધ્વનિથી ગાજી ઊઠી. એ શંખનાદ દ્વારા એક 'મહાપુરુષની પધરામણી'ની વાત જગતમાં જાહેર થઈ શાસ્ત્રજ્ઞ ખુદીરામે જોયું કે બાળકે ઘણે ઉત્તમ ચોઘડિયે અને મુહૂર્તે આ પૃથ્વી પર પધરામણી કરી છે.

એ દિવસ વિક્રમ સંવત ૧૮૯૨ની ફાગણ સુદ બીજ, ઈ.સ. ૧૮૩૬ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખ અને બુધવારનો હતો.



જન્મલગ્નમાં રવિ, ચંદ્ર અને બુધ એક સાથે હતા. શુક્ર, મંગળ અને શનિ ઉચ્ચ સ્થાનમાં હતા. જ્યોતિષશાસ્ત્ર કહે છે કે, 'આવી વ્યક્તિ ધર્મજ્ઞ અને માનનીય થાય અને સર્વદા પુણ્યકર્મનું સતત અનુષ્ઠાન કર્યા કરે. ઘણા શિષ્યોથી વીંટળાયેલ રહીને એ વ્યક્તિ દેવમંદિરે વાસ કરે અને 'નારાયણના અંશભૂત મહાપુરુષ તરીકે જગતમાં પ્રસિદ્ધિ પામીને, દુનિયામાં સર્વ સ્થળે પૂજાય.'

બાળકનું રાશિ પ્રમાણેનું નામ તો 'શંભુચંદ્ર' પડ્યું. પરંતુ ગયામાં થયેલા પેલા અદ્‌ભુત અનુભવની સ્મૃતિ ઉપરથી ખુદીરામે આ 'દિવ્યાત્માના અવતરણ' એવા નવજાત બાળકનું નામ 'ગદાધર' રાખ્યું. જે શ્રી રામકૃષ્ણ પરમહંસ તરીકે આખા વિશ્વમાં ઓળખાયા.

—સંકલન

'માતુશ્રી આગળ લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવું હોય તો ઈંડાં ન જ લઈ શકાય તેથી ઈંડાનો ત્યાગ કર્યો, જીભે વળગેલી અનેક વસ્તુઓનો ત્યાગ કર્યો; પણ એનો આઘાત ક્ષણિક હતો. પ્રતિજ્ઞાપાલનનો સ્વચ્છ, સૂક્ષ્મ અને સ્થાયી સ્વાદ મને પેલા ક્ષણિક સ્વાદ કરતાં વધારે પ્રિય લાગ્યો.'

—'સત્યના પ્રયોગો'
(મો. ક. ગાંધી)

## ॥ માતા અલઘમ્મા અને શ્રી રમણ ॥

મહર્ષિનાં માતા અલઘમ્મા શ્રી રમણને સંન્યાસીના રૂપમાં જોઈને ગયાં તે પછી બે વર્ષમાં ઈ.સ. ૧૯૦૦માં મહર્ષિના મોટા ભાઈ નાગસ્વામીનું મૃત્યુ થયું. મહર્ષિના નાના ભાઈ નાગસુંદરમ્‌ને વાઈનું દરદ થયું. તેમણે ઈ.સ. ૧૯૦૨માં મહર્ષિને મળી, તેમની પાસે રહીને, તેમની સેવા કરવાની ઇચ્છા દર્શાવી, પણ મહર્ષિએ સંમતિ ન આપતાં તે ઘેર પાછા ફર્યા. અન્ય સ્વજનો સાથે અલઘમ્મા પણ મહર્ષિને મળી આવેલાં.

ઈ.સ. ૧૯૧૪માં અલઘમ્મા તિરુપતિ ગયાં, ત્યાંથી પાછાં ફરતાં મહર્ષિને મળવા તે તિરુવન્નામલૈ ઊતરી પડ્યાં. વિરૂપાક્ષી ગુફામાં રહેતા મહર્ષિના સાન્નિધ્યમાં તેમને સ્વાભાવિક રીતે જ શાંતિ મળી. પણ આ વખતે તેઓ ભયંકર બીમારીમાં સપડાઈ ગયાં. ત્રણ સપ્તાહ ચાલેલી એમની માંદગી દરમ્યાન મહર્ષિએ એમની બહુ સેવા કરી. છતાં માંદગી જવાનું નામ લેતી ન હતી. ત્યારે મહર્ષિએ તમિળ ભાષામાં અરુણાચલેશ્વરને પ્રાર્થના કરી :

‘જન્મજન્માંતરનાં દુઃખોને માત્ર શરણાગતિથી દૂર કરવાની શક્તિ ધરાવનારા અરુણાચલ ! મારી માતાને તાવની પીડામાંથી મુક્ત કર.’

‘હે કાળના કાળ પરમાત્મા ! મેં તારા ચરણકમળનું શરણ લીધું છે. મારી માતાને ગ્રસવા માટે કાળ આવી રહ્યો છે. એને તારો પ્રભાવ દેખાડી દે.’

‘જ્ઞાનજ્યોતિરૂપી હે અરુણાચલ ! તું તારી જ્ઞાનજ્વાળાઓથી મારી માને ઘેરી લે અને તારા જ્ઞાનાગ્નિમાં એને લીન કરી દે.



પછી મૃત્યુ બાદ ચિતા પર ચઢાવવાની શી જરૂર ?’

‘માયાનાં બંધનો ફગાવીને મુક્તિનો આનંદ આપનાર ઓ અરુણાચલ ! મારી માતાની પીડાનો અંત આણવામાં વિલંબ શાને ? તારા સિવાય એવું બીજું કોણ છે, જે વત્સલ રીતે સંપપ્ત આત્માને શાંત કરી શકે અને પ્રારબ્ધના પ્રહારને ઝીલી શકે ?’

અરુણાચલ ભગવાને મહર્ષિની પ્રાર્થના સાંભળી અને મહર્ષિની માતાની બીમારી દૂર થઈ. અલઘમ્મા સ્વસ્થ થઈ મનમદુરાઈ પાછાં ફર્યાં, પણ ત્યાં કૌટુંબિક વિટંબણાઓનો પાર ન રહ્યો. દેવું વધી જતાં તિરુચલ્લીનું ઘર વેચી દેવું પડ્યું. નેલ્લિયપ્પય્યર ગુજરી જતાં કુટુંબને મોટો ફટકો પડેલો. એ ઓછો હોય એમ નાગસુંદરમ્‌ની પત્ની પણ એના નાના દીકરાને મૂકી ગુજરી ગઈ ! આ બધી કરુણ ઘટનાઓથી અસ્વસ્થ બનેલાં અલઘમ્માલ એમના વ્યાકુળ હૃદયને શાંત કરવા માટે ઈ.સ. ૧૯૧૬માં ફરી તિરુવન્નામલૈ આવી થોડો વખત એચમ્માલ સાથે રહી, મહર્ષિ પાસે રહેવા આવ્યાં. મહર્ષિના શિષ્યોને ભય લાગ્યો કે, મહર્ષિ કદાચ સ્થળાંતર કરી જશે. પણ અનાસક્ત મહર્ષિ તો પહેલાં વિરૂપાક્ષી ગુફામાં ને પછી સ્કંદાશ્રમમાં એમની સાથે રહેવા લાગ્યા. પછી તો નાગસુંદરમ્‌ને પણ અલઘમ્માએ અહીં બોલાવી લેતાં તે પણ મહર્ષિની સેવામાં મન લગાડી, સંન્યાસી બની ગયા અને ‘નિરંજનાનંદ સ્વામી’ નામ ધારણ કર્યું.

અરુણાચલ પર્વત પર નિશ્ચિંત રહેતાં અલઘમ્મા થોડા સમય પછી મહર્ષિ તથા અન્ય શિષ્યો માટે રસોઈ બનાવવા લાગ્યાં. પુત્ર માટે મમતા હોવાથી ‘એને અમુક શાક અને અમુક ફળ ભાવે છે,’ એમ કહીને તેઓ કંઈક ને કંઈક મહર્ષિને આપતાં પણ મહર્ષિ તેમની મમતાના બંધનને કાપવા દિવસોના દિવસો

સુધી તેમની સાથે ન બોલતા અને એચમ્માલ વગેરે સાથે વાતો કર્યા કરતા. એક વાર આવી ઉપેક્ષાથી દુઃખી થઈ અલઘમ્મા રડી પડ્યાં એટલે મહર્ષિએ એમને કહ્યું, 'બધી જ સ્ત્રીઓ મારી મા છે. તું એમ કેમ ઈચ્છે છે કે, હું તારી તરફ વધારે પ્રેમ દર્શાવું ?'

એક વાર અલઘમ્માએ પાપડ બનાવવા મહર્ષિની મદદ માગી. ત્યારે મહર્ષિએ પાપડનો વિષય લઈ, વેદાંતથી ભરપૂર એક 'પાપડગીત' રચી આપ્યું.

**'પરમાનંદસ્વરૂપી પાપડ મુમુક્ષુજન સૌ કરજો.**
**હોંશેહોંશે ખાઈ તમારું આશાબંધન હરજો.**
**આ અવનિની અથડામણને વ્યર્થ ગણી પરહરજો.**
**મૌનરૂપ લઈ બોધ, ગુરુનું તત્ત્વ ખરું સંઘરજો.'**

મહર્ષિની નાની બહેન અલમામેલુએ મનમદુરાઈ પાસેના ગામડામાં નવું ઘર લીધું ત્યારે તેણે માતાને એક વાર આવીને ઘર જોઈ લેવા ખૂબ આગ્રહ કર્યો, પણ અલઘમ્મા જવા તૈયાર ન થયાં. તેઓ મહર્ષિને કહેતાં, 'તું ભલે ને મારા શરીરને આ કાંટાળા ઝાંખરામાં ફેંકી દેજે, પણ મારે તો તારા હાથમાં જ મરવું છે.'

મહર્ષિને તો માતાને મર્યાદિત પ્રેમમાંથી મુક્ત કરીને પવિત્ર પ્રેમમાં પ્રતિષ્ઠિત કરવાં હતાં. એટલે ધીમે ધીમે દુન્યવી વિચારો અને રૂઢિરસમોમાંથી મુક્ત કરવા પ્રયત્નશીલ રહેતા. તેમના જુનવાણી માનસની ઠેકડી ઉડાડતા. કોઈક વાર એમની સાડી અ-બ્રાહ્મણને અડી જતી તો તેઓ મશ્કરીમાં કહેતા, 'જુઓ, પવિત્રતા ભ્રષ્ટ થઈ, ધર્મ રસાતળ ગયો.'

આશ્રમનું ભોજન સંપૂર્ણ શાકાહારી રહેતું, છતાં અલઘમ્મા



કેટલાંક શાકભાજીને અશુદ્ધ ગણતાં એટલે મહર્ષિ કહેતા, 'પેલા કાંદાથી સાવધાન ! એ મોક્ષ માટેનું મોટું વિઘ્ન છે.'

મહર્ષિ માતાના જુનવાણી માનસને તિરસ્કારતા ન હતા, પણ જુનવાણી સ્વરૂપો માટેની ઘેરી આસક્તિ કે વળગણ પર તેઓ આક્રમણ કરતા. તેથી અલઘમ્માની ધર્મભાવના ઉત્તરોત્તર વધારે વિશદ અને વ્યાપક બનતી ગઈ.

થોડા સમય પછી એ પણ ભગવાં વસ્ત્ર ધારણ કરી નિરપેક્ષ ભાવે આશ્રમનાં અતિથિઓનાં સેવા-સત્કાર કરવા લાગ્યાં. આ રીતે ચારપાંચ વર્ષ વીત્યા પછી જાણે એમનો નવો જન્મ થઈ ગયો. એમને એક વાર મહર્ષિ સર્પોથી વીંટળાયેલા શિવલિંગરૂપે દેખાયા. અલઘમ્માએ તેમને માનવીય સ્વરૂપમાં દેખાવાની વિનંતી કરી, પણ તેમને પ્રતીતિ થઈ ગઈ કે, તેઓ જેમને પુત્ર તરીકે ચાહતાં હતાં એ મહર્ષિનું પુત્રસ્વરૂપ પોતાનો ભ્રમ હતો.

ઈ.સ. ૧૯૨૨ના મે માસમાં અલઘમ્મા જ્યારે મહર્ષિ સાથે સ્કંદાશ્રમમાં રહેતાં હતાં ત્યારે ગંભીર માંદગીમાં પટકાયાં. મહર્ષિ એમની પાસે કલાકો બેસી રહી સારવાર કરતા રહ્યા. એમના ભક્તોએ પણ બનતા બધા પ્રયત્નો કર્યા, પણ કશું વળ્યું નહીં. એમનો અંતકાળ નજીક જોઈ આશ્રમવાસીઓનાં મન ઉદાસ બની ગયાં. પણ મહર્ષિ સ્વસ્થ અને શાંત રહ્યા અને માતાને આત્મજ્ઞાનનો ઉપદેશ આપતા રહ્યા. મહર્ષિની સૂચનાનુસાર કેટલાક ભક્તો અલઘમ્મા પાસે બેસી નામસંકીર્તન કરવા લાગ્યા, તો બીજા કેટલાક વેદમંત્રો તથા સ્તોત્રો ઉચ્ચારવા લાગ્યા. એને લીધે વાતાવરણ બહુ પવિત્ર અને પરમાત્મામય થઈ ગયું.

મહર્ષિએ પોતાનો એક હાથ માતાના હૃદય પર અને બીજો

હાથ મસ્તક પર રાખીને એમના અંતરને શાંત કરવા માંડ્યું. એમના શ્વાસોચ્છ્‌વાસ જોરથી ચાલવા લાગ્યા અને ૧૯મી મે એ રાત્રે આઠ વાગ્યે અલઘમ્માનો આત્મા સ્થૂળ દેહ ત્યાગી ચાલી નીકળ્યો. માતાના મૃત્યુથી મહર્ષિને સહેજ પણ શોક ન થયો. એમના મુખમંડળ પર દુઃખનું કોઈ ચિહ્ન ન જણાવ્યું. સવારથી કોઈએ ખાધું ન હતું. એટલે સાંજ રસોઈ તૈયાર થતાં મહર્ષિએ કહ્યું, 'આપણે હવે જમી લઈએ. આપણને સૂતક લાગતું નથી.' (આમાં ઊંડો અર્થ હતો. અંત્યેષ્ટિ સંસ્કાર પહેલાંના મૃતદેહનું હિંદુઓમાં સૂતક ગણાય છે, પણ મહર્ષિને મન આ માતાનો દેહવિલય ન હતો, આત્મા સાથેનું સંપૂર્ણ અદ્વૈત હતું. તેથી એને માટે કોઈ કર્મકાંડની આવશ્યકતા ન હતી.)

મહર્ષિએ અગાઉ એક વાર વાત-વાતમાં કહ્યું હતું કે, 'શરીરત્યાગ કરનારી ત્યાગમૂર્તિ સ્ત્રીના મૃતદેહને અગ્નિસંસ્કાર આપવાને બદલે એને દફનાવવો જોઈએ.'

અરુણાચલની તળેટીમાં દક્ષિણ દિશામાં પાલિતીર્થમાં એક પીપળાના વૃક્ષ નીચે ખાડો ખોદી તેમાં અલઘમ્માના મૃતદેહને પધરાવવામાં આવ્યો. પછી એ ખાડો કપૂર, વિભૂતિ, મીઠા અને સુગંધી દ્રવ્યોથી પૂરી, તેના પર ઈંટો મૂકી સમાધિ ચણી લેવાઈ. એના ઉપર એક લિંગની પ્રતિષ્ઠા કરવામાં આવી, જેનું નામ 'માતૃભૂતેશ્વર' રાખવામાં આવ્યું. આમ મહર્ષિનાં માતાનો આત્મા શિવમાં લીન થઈ ગયો.

મહર્ષિ માતાના આ મૃત્યુપ્રસંગને સંપૂર્ણ ઉદાસીનભાવે કે સાક્ષીભાવે જોતા રહ્યા. ઑસબૉર્ને યથાર્થ કહ્યું છે :

'The indifference to his mother's physical death is the 'real commentary' on his prayer at the time of her previous sickness.' રામાસ્વામી અય્યરે એમની ડાયરીમાં નોંધ્યું છે કે, 'માતાના મૃત્યુને કારણે મહર્ષિને દુઃખ ન હતું થયું, પરંતુ રાહત થઈ હતી. સ્વામીજીએ હવે બહુ નિરાંત અનુભવી; આખી રાત ભક્તો ભજનો ગાતા રહ્યા. માતાની સંભાળ કદાચ તેમને માટે ભારે બંધનકર્તા હતી. તેઓ ગુજરી જતાં તે વધારે મુક્ત બન્યા. એક ચોક્કસ સ્થાને સ્થિત થઈ જવાની હવે આવશ્યકતા ન રહી. ન બીજાની મદદ લેવાની જરૂર રહી. ન રહી કોઈ ચિંતા ! જાણે પિંજરમાંથી પંખી બહાર આવી મુક્ત થઈ ગયું. હું કદાચ ખોટો પણ હોઉં, પણ મને એવું લાગ્યું.'

મહર્ષિએ પોતે પોતાની માતાના મૃત્યુના સંદર્ભમાં કહ્યું હતું કે,

'જો અહંકારનું મૃત્યુ થાય તો શાશ્વત આત્મા તેની પૂરી ભવ્યતામાં પ્રગટ થાય.'

—તરલા દેસાઈ

પંડિત ઓંકારનાથનાં મા ઝવેરબા એક ઘરમાં રસોઈ, તેમજ સાફ-સફાઈનું બધું જ કામ કરતાં હતાં. કઠોર પરિશ્રમથી એકલે હાથે પાંચ-પાંચ બાળકોને ભણાવતાં. એકવાર એમને ઘરે આવતાં વાર થઈ એટલે નાના ઓમકારનાથે ધીમેથી માના કાનમાં પૂછ્યું; 'મા, ઘેર ક્યારે આવીશ ?'

ત્યારે એ પરિવારની એક મહિલાએ તેને ચીડવતાં પૂછ્યું; 'ભોજન કરી લીધું ?' બાળકે કહ્યું; 'હા.' 'શું ખાધું ?' 'જે ઘરમાં બનાવ્યું હતું તે.' 'શું ?' હાજરજવાબી બાળકે કહ્યું 'બજારમાં જે મળે છે તે.'

—ચૈતન્ય ત્રિવેદી

## ॥ માતા જ્ઞાનપ્રભા અને યોગાનંદ ॥

'હું આજે મારી માતાના લાડકોડ તથા કાલીકાલી બોલી બોલવાના અને પા પા પગલી ચાલવાના મારા પ્રથમ પ્રયત્નો ભૂલી ગયો છું તેમ છતાં એણે જ 'આત્મવિશ્વાસનો નૈસર્ગિક પાયો' સુદૃઢ રીતે મારામાં નાખ્યો છે.'

'માતા લાગણીપ્રધાન હતાં. બધું શિક્ષણ પ્રેમથી આપતાં. શિસ્તની બધી વાત રામાયણ-મહાભારતમાંથી વાર્તાઓ ખોળી અને ઠપકાની સાથે બોધ આપતાં.'

'એકવાર મને કૉલેરા થતાં માતાએ કહ્યું : 'તારા મનથી તું લાહિરી મહાશયની છબીને મનથી નમન કર. અને એને તાકતાં આંજી નાંખે તેવો પ્રકાશ મને ઘેરી વળ્યો.' મારામાં એટલી સ્ફૂર્તિ આવી ગઈ કે ગુરુની અપાર શ્રદ્ધાના આભારદર્શન તરીકે મેં મારી માતાનો ચરણસ્પર્શ કર્યો. માએ કહ્યું : 'ઓ સર્વવ્યાપક ગુરુ ! તારા તેજથી મારો પુત્ર સાજો થયો તેથી હું તારો આભાર માનું છું.' સાચે જ એ ઝળહળતા પ્રકાશથી જ મારો જીવલેણ રોગ જતો રહેલો.'

### મારી માતાનું મૃત્યુ અને રહસ્યમય તાવીજ

બરેલી પિતા સાથે ગયેલા યોગાનંદને તાર મળ્યો કે 'માતાની માંદગી ગંભીર. એકદમ આવો.' પિતા અને હું વ્યગ્ર ચિત્તે



અમારા કલકત્તાના ઘરે પહોંચ્યા. ત્યારે માતાના મરણના આઘાતભર્યા સમાચાર જ અમારે સાંભળવાના હતા. હું લગભગ નિર્જીવ સ્થિતિમાં બેભાન થઈને પડ્યો. મારા હૃદયનું સમાધાન થતાં વર્ષો નીકળી ગયાં. સ્વર્ગના દરવાજાઓને પણ તોડીને મારું આક્રંદ મારી માતાને મારી પાસે ખેંચી લાવ્યું. 'તેના શબ્દોથી' મારા દૂઝતા જખમોને છેવટની રૂઝ આવી; 'જન્મજન્માંતરો દરમિયાન ઘણીય કોમળ માતાના રૂપમાં તારું જતન કરનારી હું જ હતી ! જે બે અત્યંત સુંદર આંખોને તું ખોળે છે એ બંને કાળી આંખો આ મારી દૃષ્ટિમાં તું જોઈ લે.'

અમારા પ્રીતિપાત્રની શ્રાદ્ધક્રિયા પતાવ્યા પછી તરત જ પિતા અને હું બરેલી પાછા ફર્યા. દરરોજ પરોઢિયે અમારા બંગલાની સામે આવેલા મોટા શેવલી વૃક્ષની છાયામાં પથરાયેલી હરિયાળી જમીન સુધી 'કરુણ સ્મરણયાત્રા' કરવાનો મેં નિયમ રાખ્યો હતો.

માતાના મૃત્યુ પછી ચૌદ મહિના બાદ મને ખબર પડી કે મારે માટે તે એક અગત્યનો સંદેશ છોડી ગઈ છે. એક સાંજે મારા ભાઈ અનંતે મને પાસે બોલાવી, એક નાની પેટી હવાલે કરી મને માતાનો સંદેશો આપ્યો : 'મારા વહાલા પુત્ર મુકુંદ !' આ શબ્દોથી હું મારા છેલ્લા આશીર્વાદ તને મોકલું છું. તું જ્યારે મારા હાથમાં બાળક હતો ત્યારથી જ તારા 'નિર્મિત માર્ગ'ની મને જાણ થઈ હતી. હું તને, બનારસમાં મારા ગુરુને ઘેર લઈ ગઈ હતી, ત્યારે તેઓ ઊંડા ધ્યાનમાં બેઠેલા હતા. એક બાજુ હું તને થાબડતી હતી અને બીજી બાજુ પ્રાર્થના કરતી હતી કે

મહાગુરુનું ધ્યાન મારા તરફ દોરાય અને તેઓ તને આશીર્વાદ આપે. મારી પ્રાર્થના તીવ્ર થતાં તેમણે આંખો ઉઘાડી તેમની તરફ જવા ઈશારો કર્યો. મેં તેમને ચરણે નમસ્કાર કર્યા. લાહિરી મહાશયે તને પોતાના ખોળામાં લીધો અને 'આધ્યાત્મિકતાનું દાન' કરતા હોય એ રીતે તારા કપાળ ઉપર હાથ ફેરવ્યો. અને કહ્યું : 'છોટી માતા, તારો પુત્ર યોગી થશે. 'આધ્યાત્મિક એન્જિન' તરીકે એ અનેક આત્માઓને ઈશ્વરના દરબાર સુધી લઈ જશે.'

જ્યારે આપણે લાહોરમાં હતા ત્યારે એક સવારે નોકરે એક વિચિત્ર સાધુ બારણે આવ્યાના અને મુકુન્દની માને મળવાના તેમના આગ્રહની વાત કરી. હું તેમને સત્કારવા એકદમ દોડી ગઈ. એ સંતે કહ્યું; 'માતા, મહાન સંતો તમને જણાવે છે કે આ દુનિયા ઉપર હવે તમારે વધારે વખત રહેવાનું નથી. હવે પછીની તમારી માંદગી છેવટની હશે.' તેમણે મને ફરીથી સંબોધીને કહ્યું; 'તમારે એક ચોક્કસ 'ચાંદીના તાવીજના રખેવાળ' થવું પડશે. એ હું આજે તમને આપતો નથી એ તાવીજ જ્યારે તમે ધ્યાનમાં હશો ત્યારે આવતીકાલે તમારા હાથમાં સ્વયં સ્થૂળ આકાર ધારણ કરશે. તમારી મૃત્યુશય્યા પર તમારે તમારા મોટા દીકરા અનંતને સૂચના આપવી કે એક વર્ષ સુધી તે તાવીજ તેની પાસે રાખે અને ત્યાર પછી તમારા બીજા દીકરા મુકુન્દને હવાલે કરે.' મુકુન્દ આ તાવીજનો અર્થ અને હેતુ મહાપુરુષો પાસેથી સમજી લેશે. આ તાવીજ એને એવે વખતે મળવું જોઈએ કે, જ્યારે એણે દુન્યવી સર્વ આશાઓનો ત્યાગ કરી ઈશ્વર માટેની મહાશોધ શરૂ કરી હોય. જ્યારે એ



તાવીજનો હેતુ સિદ્ધ થઈ જશે ત્યારે એ આપોઆપ અદૃશ્ય થઈ જશે.

સાધુના વચન પ્રમાણે બીજે દિવસે હું ધ્યાનમાં બેઠી હતી ત્યારે મારી હથેળીઓની વચ્ચે એક 'ચાંદીના તાવીજે' સ્થૂળ આકાર લીધો. એને હું અનંત દ્વારા તને સોંપું છું.

'મારો શોક કરીશ નહીં. કેમકે મારા મહાન ગુરુ મને પરમાત્માના હાથમાં સોંપી દેવાના છે. મારા દીકરા, જગદંબા તારું રક્ષણ કરશે.'

આ તાવીજ મારા કબજામાં આવ્યું ત્યારે પ્રકાશનો એક ચમકારો મારી આજુબાજુ ફરી વળ્યો. પુરાણા સૌન્દર્યવાળું તાવીજ ગોળ સંસ્કૃત અક્ષરોથી અંકિત હતું. પૂર્વ જીવનના ગુરુઓ અદૃશ્ય રીતે મારા કાર્યને દોરી રહ્યા છે, તેમના તરફથી આ તાવીજ આવ્યું છે એમ મને સમજાયું; પણ એના અંતર્ગત રહસ્યનો સ્ફોટ પૂરેપૂરો થયો નહીં. છેવટે એ તાવીજ તો અદૃશ્ય થયું પણ એ મારા ગુરુની પ્રાપ્તિનું સૂચક બની રહ્યું.

હિમાલય સુધી પહોંચવાના પ્રયત્નોમાં નિષ્ફળ નિવડેલો આ નાનો કિશોર આ 'તાવીજની પાંખો ઉપર' દૂર દૂર સુધી ભ્રમણ કર્યા જ કરતો હતો અને એની વહાલસોથી માતાને સતત સ્મરતો રહેતો હતો.

—સંકલન

'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી.'

# ॥ માતા ભુવનેશ્વરી અને નરેન્દ્ર ॥

જગતની સર્વ સ્ત્રીઓની જેમ ભુવનેશ્વરીદેવીને પણ પોતાના કુળને ઉજાળે, તેની આબરૂ વધારે અને પૂર્વજો તથા ભાવિ પેઢી વચ્ચે કડીરૂપ બને એવો પુત્ર પ્રાપ્ત કરવાની ઝંખના હતી. ઘરકામ કરતાં કરતાં પણ એ પોતાની ઇચ્છા પૂર્ણ થાય એવી પ્રાર્થના કર્યા કરતાં.

એ જમાનામાં એક રિવાજ હતો, અને આજે પણ છે કે, જેઓ કાશીથી દૂર રહેતા હોય તેઓ પોતાનાં દુઃખ દૂર કરવા અથવા મનની આકાંક્ષા પૂરી કરવા કાશીમાં રહેતા પોતાનાં સગાં સંબંધી દ્વારા શિવપૂજા કરાવે. ભુવનેશ્વરીદેવીએ પણ દત્તકુટુંબનાં એક નજીકનાં સંબંધી વૃદ્ધ માતાજીને પોતાને સંતાનપ્રાપ્તિ માટે વીરેશ્વર મહાદેવની પૂજા કરાવવા લખ્યું. તેમની સૂચના પ્રમાણે પૂજાપાઠ શરૂ થયાના સમાચાર ભુવનેશ્વરીદેવીને મળ્યા ત્યારે તેમને પોતાની પ્રાર્થના અવશ્ય ફળશે એવી શ્રદ્ધા બેઠી. તેઓ પોતાના દિવસો ઉપવાસ અને ધ્યાનચિંતનમાં ગાળવા લાગ્યાં.

એમનું મન શિવભક્તિમાં પરોવાયેલું રહેતું. પૂજા કરતાં કરતાં ઘણી વાર એમનું મન કાશી જઈ પહોંચતું અને ત્યાં થતી શિવપૂજાના વિચારો એમને આવ્યા કરતા. એક વાર રાતે આખા ઘરમાં બધે શાંતિ હતી; ભુવનેશ્વરીદેવી ભરઊંઘમાં હતાં. એ વખતે તેઓ ધન્ય બન્યાં. ભગવાન શંકરે તેમને સ્વપ્નમાં દર્શન દીધાં. સુંદર બાલસ્વરૂપ ધારણ કરીને મહાદેવ જાણે કે એમની ગોદમાં આવીને બિરાજ્યા. ભુવનેશ્વરીદેવી જાગી ગયાં. 'જય શંકર ! જય ભોળાનાથ !' એમ બોલતાં બોલતાં અંતરમાં પ્રાર્થના કરવા લાગ્યાં. એમને ખાતરી થઈ કે જે દિવસની તેઓ રાહ



જોઈ રહ્યાં હતાં તે શુભ દિવસ દૂર નથી. યોગ્ય સમયે તેમણે પુત્રને જન્મ આપ્યો.

સંવત ૧૯૧૯ના પોષ વદ સાતમ ને સોમવારે, સને ૧૮૬૩ના જાન્યુઆરીની બારમી તારીખે, સૂર્યોદયને હજી છ મિનિટની વાર હતી ત્યારે, એ મહાપુરુષનો જન્મ થયો. હિંદુઓના પુણ્યપર્વ મકરસંક્રાતિના પવિત્ર દિવસે, ભવિષ્યના એ લોકોત્તર પુરુષનો જન્મમહોત્સવ અજાણતાં સમસ્ત હિંદુ જનતા ઊજવી રહી હતી.

બાળક મોટો થવા લાગ્યો. તેના નામકરણનો દિવસ આવી પહોંચ્યો. કોઈકે સૂચના કરી કે સંન્યાસી થઈ ગયેલા એના દાદા દુર્ગાચરણના નામ ઉપરથી એનું નામ દુર્ગાદાસ પાડવું. પરંતુ ભુવનેશ્વરીદેવીએ સૂચક રીતે કહ્યું; 'એનું નામ વીરેશ્વર પાડીએ.' આમ શરૂઆતમાં વીરેશ્વર નામ પડ્યું, પરંતુ થોડા સમય પછી એનું નામ નરેન્દ્રનાથ રાખવામાં આવ્યું.

'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ ન્યાયે નરેન્દ્રે શરૂઆતથી જ પોત પ્રકાશવા માંડ્યું. એ ખરેખર એક હઠીલો બાળક હતો. કેટલીક વાર એવો ઉછાંછળો થઈ જતો કે એને કાબૂમાં રાખવાનું અશક્ય થઈ પડતું. ધમકી કે ફોસલામણી કશાને એ ગાંઠતો નહીં. આખરે ભુવનેશ્વરદેવી એક રામબાણ ઉપાય અજમાવતાં. મોટેથી બૂમો પાડતા નરેન્દ્રના માથા ઉપર તેઓ ઠંડું પાણી રેડતાં અને એના કાનમાં ધીમે ધીમે શિવનું નામ બોલતાં; પરિણામે નરેન્દ્ર શાંત થઈ જતો. કોઈ વાર ભુવનેશ્વરીદેવી એને એમ પણ કહેતાં : 'જો તું આવાં તોફાનો કરીશ તો શિવજી તને કૈલાસમાં આવવા નહીં દે.' અને તરત જ નરેન્દ્ર શાંત થઈ જતો. કેટલીક વાર કંટાળીને બોલી ઊઠતાં : 'મેં તો શંકર ભગવાન પાસે પુત્ર

માગ્યો હતો અને એ ભૂતનાથે એક ભૂતને જ મોકલી દીધો ! ઘરમાં ખબર પડી અને ત્યાર પછી ભુવનેશ્વરીદેવી જ્યારે જ્યારે કોઈ સાધુ આવે ત્યારે ત્યારે નરેન્દ્રને ઘરમાં પૂરી રાખતાં. પરંતુ નરેન્દ્ર ક્યાં ઓછો ઊતરે એવો હતો ? જે કંઈ હાથમાં આવે તેને બારીમાંથી એ બહાર ફેંકી દેતો ને એ રીતે સાધુને ભિક્ષા આપતો. બહેનોને ખીજવવામાં પણ એ પાછો પડતો નહીં. બહેનો પીછો પકડે ત્યારે ગટરમાં ભૂસકો મારે અને દાંતિયાં કાઢે. બહેનો બિચારી શું કરે ? ભાઈનાં તોફાનો વધતાં જતાં હતાં. ઘરની ગયા એને અત્યંત પ્રિય હતી; જાતજાતનાં પશુપક્ષીઓ પાળવાનો પણ એને શોખ હતો. એણે વાંદરો, બકરો, મોર, કબૂતર અને બે ત્રણ ગીનીપિગ પણ પાળ્યાં હતાં. ઘરના નોકરચાકરોમાં કોચમેનને એણે પોતાનો પાકો દોસ્ત બનાવ્યો હતો. ભવિષ્યમાં કોચમેન થવાના એને કોડ હતા. એનો સ્વભાવ ભોળો હતો; જે કોઈ એને બોલાવે તેની પાસે એ દોડી જતો.'

ભણતરના પહેલા પાઠો હંમેશાં માતા જ આપે છે. નરેન્દ્રને અંગ્રેજી શબ્દો અને બંગાળી લિપિ એની માતાએ જ શીખવ્યાં હતાં. એમના જ ખોળામાં બેસીને એણે રામાયણ અને મહાભારતની કથાઓનું શ્રવણ કરેલું. ભવિષ્યમાં નરેન્દ્રે જે અદ્‌ભુત ઉત્સાહ અને શૌર્ય દર્શાવ્યાં એનું મૂળ આપણે તેની માતામાં જોઈ શકીએ છીએ.

એ સમયે જ નરેન્દ્રમાં આધ્યાત્મિક જીવનનું પ્રથમ બીજ રોપાયું. રામચંદ્રજીના ચરિત્રે એના બાલમાનસ ઉપર અદ્‌ભુત પ્રભાવ પાડ્યો હતો. એણે સીતારામની માટીની એક મૂર્તિ ખરીદી અને ફૂલો ચડાવીને પૂજા શરૂ કરી. એક દિવસે નરેન્દ્ર અને એક બ્રાહ્મણનો છોકરો ઘરની મેડીએ ચડી ગયા અને



બારણાં બંધ કરીને ધ્યાન ધરવા બેઠા. થોડી વાર પછી તો ઘરમાં નરેન્દ્રની શોધાશોધ થઈ રહી. છેવટે મેડી ઉપર એની ભાળ લાગી. બૂમો પાડ્યા છતાં કશો જવાબ ન મળવાથી આખરે બારણાં તોડવાં પડ્યાં. જુએ તો બન્ને છોકરા ધ્યાનસ્થ હતા. એમની એ રમતમાં ભંગ પાડવાનું કોઈને ઉચિત ન લાગ્યું.

એક દિવસ નરેન્દ્રના મિત્ર પેલા કોચમૅને લગ્નજીવનની ભારે નિંદા કરી. બાળક નરેન્દ્રના મન ઉપર એની એવી તો અસર થઈ કે એણે સીતારામની મૂર્તિને ફેંકી દીધી. અને થયું : 'જો લગ્ન આવી નઠારી વસ્તુ છે તો આ દેવે એ ઉપાધિ શા માટે વહોરી હશે ?' ત્યારથી એણે શિવની પૂજા શરૂ કરી.

પરંતુ રામાયણનો પ્રભાવ તો એના હૃદય ઉપર પડ્યો જ હતો. પડોશમાં જો રામાયણની કથા ચાલતી હોય, તો એ અવશ્ય ત્યાં પહોંચી જતો. કેટલીક વાર રામના જીવનના રોમાંચક પ્રસંગોની એના ઉપર એટલી બધી અસર થતી કે એ ઘરે જવાનું પણ ભૂલી જતો. એક વખત એક કથાકારે હનુમાનજી કેળના બગીચામાં રહેતા એ વાત કરી. નરેન્દ્રના હૃદય ઉપર એની એટલી ઊંડી અસર થઈ કે એ ઘેર ગયો નહીં પણ કેળના બગીચામાં બેસી રહ્યો; મોડી રાત સુધી હનુમાનજીનાં દર્શનની આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યો. હનુમાનજી દેખાયા નહીં તેથી દુઃખી હૃદયે ઘેર પાછો ફર્યો. માતાએ આ વાત જાણી ત્યારે તેમણે આશ્વાસન આપ્યું : 'તું દુઃખ ન લગાડીશ. હનુમાનજી રામના કોઈ કામ માટે બીજે ક્યાંક ગયા હશે.' આ સાંભળી બાળક શાંત થયો.

—સંકલન

'એક માતા સો શિક્ષકો બરાબર.'

# ॥ માતા રુકિમણી અને શ્રીરંગ અવધૂત ॥

મૂળ મહારાષ્ટ્રના વિઠ્ઠલ ભટ્ટ પોતાની પત્ની રુકિમણી સાથે સં. ૧૯૩૮માં ગોધરા આવેલા. ભગવાન વિઠ્ઠલનાથજીના મંદિરના પૂજારી તરીકે તેમની નિમણૂંક થઈ. તા.૨૧/૧૧/૧૮૯૮ને સોમવારે રુકિમણીની કૂખે પુત્રજન્મ થયો. બાળકનું નામ 'પાંડુરંગ' પાડ્યું. માતા વહાલથી તેને 'બાબુ' કહેતાં. બે વર્ષ પછી બીજો પુત્ર જન્મ્યો. તેનું નામ 'નારાયણ' રાખ્યું. ત્રણ વર્ષ પછી વિઠ્ઠલ ભટ્ટનું અવસાન થયું. ચોવીસ વર્ષની ભર યુવાનીમાં રુકિમણી વિધવા થયાં.

પતિના અકાળે અવસાન પછી રુકિમણીએ વૈધવ્યને વિષાદ માનવાને બદલે તપશ્ચર્યા તરીકે સ્વીકારી લીધું. પોતાનાં બંને બાળકોના પાલનપોષણ તથા તેમને સંસ્કાર સિંચવામાં તેમણે વૈધવ્યનું વ્રત માન્યું.

પાંડુરંગ મોટા થઈ નારેશ્વરના રંગ અવધૂત તરીકે પ્રસિદ્ધ થયા. તેમણે સાધના કરી, નર્મદાની પરિક્રમા કરી અને સમાજસેવા કરી પણ માતાની સેવા ચૂક્યા નહીં. રુકમામ્બા નાના પુત્ર નારાયણની સાથે રહેતાં હતાં પણ નારાયણને ગંભીર બીમારી થઈ. તેમણે ભાઈને પત્રમાં લખ્યું :

'મોટાભાઈ, આપ તો મુક્ત છો. હું પણ આ હાડપિંજર છોડી મુક્ત થઈ જઈશ. પણ માજી શું કરશે તે સમજાતું નથી. આપ હવે કાંઈ કરો એવી મારી મારી પ્રાર્થના છે.'

ત્યારે પૂજ્યશ્રીએ લખ્યું, 'હું જાણું છું કે તું માજીની ચિંતા કરે છે. પરંતુ તું માજીની જરાય ચિંતા કરીશ નહીં. તને એમ



હશે કે હું સાધુ થઈ ગયો એટલે માજીનું ધ્યાન નહીં રાખું. પરંતુ તું ખાતરી રાખજે કે તેમને દુઃખ થાય તેવું વર્તન હું ક્યારેય નહીં કરું. તેમની જીવનપર્યંતની બધી જવાબદારીઓ અદા કરીશ.'

આ શબ્દો સાંભળી નારયણની ઉદ્વિગ્નતા અદૃશ્ય થઈ ગઈ. તેની આંખોમાં સંતોષનો ભાવ જોવા મળ્યો. તેણે અખંડ ધૂન અને ભજનની વચ્ચે તા.૨૯/૦૫/૩૬ના રોજ અંતિમ શ્વાસ લીધા.

જુવાનજોધ પુત્રના અકાળ અવસાનથી માજીને ઊંડો આઘાત લાગ્યો. પૂજ્યશ્રીએ તેમની પાસે જઈ કહ્યું;

'માજી ! હવે શોક દૂર કરો. તમે તો જ્ઞાની છો. જે ખીલે છે તે કરમાય છે. જે જન્મે છે તે મૃત્યુ પામે છે. કાષ્ઠના ટુકડા ભેગા થાય અને છૂટા પડી જાય તેમ પરાપૂર્વના ઋણાનુબંધાનુસાર જગતમાં મનુષ્યો, પ્રાણીઓ ભેગાં થાય છે અને છૂટાં પડે છે. એક વખત લેણદેણ પૂરી થાય પછી કોણ મા, કોણ બાપ અને કોણ ભાઈ ? મા, આપણે મારું મારું કરીએ છીએ, આ શરીર પણ જો મારું નથી તો જગતમાં બીજું શું મારું થશે ? જગતની કોઈપણ વસ્તુ શાશ્વત નથી. આ જન્મમરણની ઘટમાળ તો માયા-મમતાનાં જાળાં છે. દેહભાવ હોય ત્યાં સુધી મૃત્યુ છે, પરંતુ જ્યારે આત્મભાવ આવે ત્યારે તે જીવન છે.'

એકદા બે પળ અટકી પૂજ્યશ્રી પુનઃ બોલ્યા :

'મા ! મોહનાં જાળાં ફગાવી દો, ભગવાનનું ભજન કરો. તમે અહીં રહો. આ સિદ્ધભૂમિ છે. અહીં તમે તપ, ભજન, પૂજન વગેરે કરો. તમને અહીં કોઈ તકલીફ નહીં પડે. હું તમારી સેવામાં હાજર છું.'

માજી અને પૂજ્યશ્રીનો પ્રેમ અનન્ય હતો. એક દિવસ માજીએ દૂધી સમારી તેનું શાક કરવા માટે કડાઈમાં વઘાર મૂક્યો. અજાણતાં કડાઈને ઠોકર વાગવાથી બધો વઘાર માજીના ઘૂંટણ પર પડ્યો. માજીએ એને ગણકાર્યા વિના દાઝેલા ભાગ ઉપર સાલ્લાનો છેડો ઢાંકી રાખ્યો અને બીજો વઘાર મૂકી શાક તૈયાર કરી દીધું.

સમય થયો એટલે અવધૂતજી ભિક્ષા લેવા આવ્યા. માજીએ તેમને પ્રેમથી જમાડ્યા. પોતે દાઝ્યાં છે એનો અણસાર સુધ્ધાં આવવા ન દીધો. પૂજ્યશ્રીના ગયા પછી મોદીને બોલાવી વાત કરી. મોદીકાકા થોડા દિવસો માટે નારેશ્વર આવ્યા હતા. ફોલ્લો જોઈ તેઓ બોલ્યા :

'મા, મને પહેલાં બોલાવવો હતો ને ?'

'અરે ભાઈ તમને બોલાવું અને બાબુને ખબર પડે તો એ તો નિર્ણય કરી દે કે મને શાક ખાવાનું મન થયું એટલે મા દાઝ્યાં. તેથી કાલથી શાક ખાવાનું બંધ. જો એ એવું કરે તો શું થાય ? જાવ, મલમ જેવું કાંઈ હોય તો લઈ આવો.'

એક વખત પ્રભાશંકર ગોર અવધૂતજીની સેવામાં હતા. તેમણે અનેક ભક્તોની પાદુકાપૂજનની ઇચ્છા સંતોષવા પૂજ્યશ્રીને સંમત કર્યા. ત્યારથી પૂજ્યશ્રીની પાદુકાપૂજન માટે ઉપલબ્ધ થઈ. એક વખત આફ્રિકાના એક ભક્ત નારેશ્વર આવ્યા. તે દિવસે પૂજ્યશ્રીની પાદુકાપૂજનનો કાર્યક્રમ હતો. તેમણે રસ્તામાં બેઠેલા માળી પાસે ફૂલહાર ખરીદ્યા. ભક્ત પરદેશથી આવેલો હતો અને પૈસેટકે સુખી હોવાથી માળીને લાલચ થઈ. તેણે વ્યવહારિક ભાવ કરતાં ચાર ગણો ભાવ લીધો. ભક્ત તો ભાવથી અજાણ હતો, પણ બીજો ભક્ત એ



જોઈ ગયો. તેણે માજીને વાત કરી. માજીને દુઃખ થયું. વાત ભલે નાની હતી પણ સ્થાનમાં ભ્રષ્ટાચાર થાય તે યોગ્ય નથી એમ તેમને લાગ્યું. સાંજે જ્યારે પૂજ્યશ્રી માજીનાં દર્શને આવ્યા ત્યારે માજી બોલ્યાં :

'બાબુ ! સ્થાનમાં ભ્રષ્ટાચાર ના થાય તેનું તારે ધ્યાન રાખવું જોઈએ.'

'શું થયું, માજી ?'

માજીએ બધી વાત કરી.

બીજે દિવસે સવારે અવધૂતજી માળી પાસે પહોંચી ગયા, તેને ધમકાવી સ્થાનની બહાર કાઢી મૂક્યો. પરંતુ આટલાથી એમને શાંતિ ના થઈ. તેમને થયું કે હું જ્યારે પાદુકા પૂજન માટે આપું છું ત્યારે જ આવું થયું ને ? હવેથી પાદુકા ન આપવાનો નિર્ણય કરી તેમણે તેની જાહેરાત કરી દીધી. ભક્તોને ખૂબ દુઃખ થયું પણ પૂજ્યશ્રીના નિર્ણય સામે દલીલ થઈ શકતી નહીં.

માજીએ ભિક્ષા પારસીને પૂછ્યું, 'બાબુ તું પાદુકા કેમ નથી આપતો ?'

'જુઓ માજી, તમારે આપવી હોય તો આપજો. હું તો નહીં આપું. હું આ પાદુકા તમને આપું છું.' એમ કરી પૂજ્યશ્રીએ પાદુકા માજી આગળ મૂકી દીધી.

પૂજ્યશ્રી પોતાની કુટિરમાં ચાલ્યા ગયા. માજીએ વડોદરાના સંઘમાં આવેલા મંદિરના મહંતને બોલાવી પાદુકા આપતાં કહ્યું, 'મહંતજી, બાબુને તેના આદર્શોની અવગણના થાય તે ગમતું નથી. તમે બધા તમારી શ્રદ્ધા પ્રમાણે બધું કરજો પરંતુ બાબુના મનને ઠેસ લાગે તેવું કાંઈ ના કરશો.'

'જેવી આપની આજ્ઞા' કહી બધાએ વિદાય લીધી.

ત્યારપછી પાદુકાપૂજન નિયમિતપણે થવા લાગ્યું.

નારેશ્વરમાં માજીના આગમન પછી સ્થાનમાં વાત્સલ્ય, પ્રેમ, મમતા મહેંકી ઊઠ્યાં.

અવધૂતજી આદરભાવ સાથે પોતાના શરીરની, સ્વાસ્થ્યની પરવા કર્યા વિના પૂ.માજીની કાળજી લેતા. એક વાર તેઓ વિમળેશ્વર ગયા હતા. ત્યાં માજીની માંદગીના સમાચાર આવ્યા. એ વખતે જે સાધન મળ્યું તેમાં નીકળી નારેશ્વર પહોંચ્યા. એ પછી ડૉક્ટર પાસે ટ્રીટમેન્ટ કરાવી.

બીજા એક પ્રસંગે પૂજ્યશ્રી પાદરા પધાર્યા હતા. ત્યાં તેમની વર્ષગાંઠ નિમિત્તે ઉત્સાહપૂર્વક રંગજયંતીની ઉજવણી થઈ હતી. પછી પૂજ્યશ્રી હાંફેશ્વર ગયા. ત્યાં પણ દત્તજયંતીની ઉજવણી થતી હતી ત્યાં માજીની માંદગીની ખબર આવી. એ વખતે પૂજ્યશ્રી મોટરમાં બેસી શકતા ન હતા છતાં મોટરમાં નીકળ્યાં. માર્ગમાં ઊલટીઓ થવા લાગી પણ ગણકાર્યું નહીં. દાતણ પણ નારેશ્વર આવ્યા પછી કર્યું !

આવા તો અનેક પ્રસંગો છે જેમાં પૂજ્યશ્રીએ માજીની સંભાળ રાખવામાં પોતાનું કર્તવ્ય બજાવી 'માતૃદેવો ભવ'નો આદર્શ જગત સમક્ષ મૂક્યો હતો.

નારેશ્વરમાં સ્થાયી થયા પછી માજીએ અવધૂતજી અને ભક્તો વચ્ચે વાત્સલ્યની સાંકળ સમાન મૂક કાર્ય કરેલું. વધતી જતી વયને લીધએ તેમના શરીર પર વાર્ધક્યના ઓળા ઊતરવા માંડ્યા. સં.૨૦૨૩ની નિર્જળા એકાદશી અગાઉ માજીની તબિયત બગડી. પૂજ્યશ્રીએ પોતાના બધા કાર્યક્રમો રદ કરી દીધઆ. તેઓ સવારના પહોરમાં માજી પાસે આવીને બેઠા.



તેઓ જાણતા હતા કે માજી આજે વિદાય લેવાનાં છે.

એકવાર સાંજે છએક વાગ્યે માજી બેભાન થઈ ગયાં. મોદીકાકાએ દોડતા આવી કહ્યું, 'બાપજી, માજીની હાલત ખરાબ છે.'

'સ્નાન કરવાનો સમય નથી ?'

'ના, એક પળ પણ નહીં, જલદી ચાલો.'

સ્નાન કર્યા વિના માજીને સ્પર્શ કેવી રીતે કરાશે એવો વિચાર પૂજ્યશ્રીને આવ્યો પણ 'જેવી પ્રભુની મરજી' એમ કહી તેઓ માતૃકુટિર તરફ ચાલ્યા. તરત આકાશમાંથી એક વાદળી વરસી અને પૂજ્યશ્રી પૂરેપૂરા પલળી ગયા. કુટિરમાં પ્રવેશી પૂજ્યશ્રીએ માજીનું માથું પોતાના ખોળામાં લઈ લીધું. તેઓ 'ૐ નમઃ શિવાય'નો જાપ કરતાં કરતાં ધ્યાનમાં ઊતરી ગયા. બરાબર આઠ વાગ્યે ઊંચે અવાજે 'ૐ નમઃ શિવાય' બોલી માજીનું માથું નીચે મૂક્યું. માજીએ તે જ પળે દેહ છોડ્યો. સં.૨૦૨૩ની જેઠ સુદ અગિયારસે તેઓ બ્રહ્મલીન થઈ ગયાં.

પૂજ્યશ્રીએ માતૃક્રિયા મોટરકારમાં જઈ કરી. સમગ્ર ઉત્તરક્રિયા ત્યાં પૂર્ણ કરી તા.૦૨/૦૫/૬૮, સં.૨૦૨૪ના વૈશાખ સુદ પાંચમે અર્થાત્ આદ્યશંકરાચાર્ય જયંતીના શુભદિને 'માતૃસ્મૃતિશૈલ'નો શિલાન્યાસ વિધિ થયો. એ રીતે રંગ અવધૂતજીએ નારેશ્વરની વિકાસવિભૂતિ, સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિકતાની મૂર્તિ માતા રુકમામ્બાનું તર્પણ કર્યું.

—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

'જે કર ઝૂલાવે પારણું તે જગ પર શાસન કરે.'

# ।। માતા રુક્ષ્મણી અને વિનોબા ભાવે ।।

એકવાર વિનોબાએ માતાને કહ્યું; 'મા, તું તો સ્વાર્થી છે.' રખુભાઈએ આશ્ચર્યથી પૂછ્યું; 'વિન્યા, કેમ આવું કહે છે?' એણે કહ્યું : 'મા, તું પહેલાં આપણા ઘરની રસોઈ બનાવે છે અને પછી પાડોશીની રસોઈ પછી બનાવે છે. ખરેખર તો પાડોશીની રસોઈ પહેલાં બનાવવી જોઈએ.' માતાએ હસીને કહ્યું, 'બેટા, પહેલાં પાડોશીની રસોઈ બનાવું તો એ રસોઈ ઠરી જાય, એમણે ઠંડી રસોઈ જમવી પડે. પાડોશીને ગરમાગરમ રસોઈ જમવા મળે એટલે જ પાછળથી રસોઈ બનાવું છું.' માતાની આ વાત સાંભળી વિનોબા આશ્ચર્યચકિત થઈ ગયા.

✳

એકવાર માતાએ વિનોબાને કહ્યું; 'આ વખતે તારા પિતાજી વડોદરાથી તારા માટે મીઠાઈ લેતા આવશે.' પિતાજી આવ્યા, તેમણે વિનોબાને એક પેકેટ આપ્યું, વિનોબાએ ખોલ્યું તો અંદરથી રામાયણ અને બાલ મહાભારતનાં બે પુસ્તકો નીકળ્યાં. વિનોબાએ કહ્યું, 'મા, તું કહેતી હતી કે પિતાજી મીઠાઈ લાવશે, પણ આમાં તો ચોપડીઓ છે.' માતાએ કહ્યું, 'બેટા ! આ મીઠાઈ એ જ સાચી મીઠાઈ છે. સંસારમાં આનાથી વધુ સારી મીઠાઈ બીજી કોઈ નથી.'

✳

વિનોબાના ઘરના વાડામાં એક ફણસનું ઝાડ હતું. ફણસ બરાબર પાકતાં માતાએ તેને તે ઉતારવા કહ્યું. વિનોબા તો ઝડપથી ઝાડ ઉપર ચડી, ફણસ ઉતારી લાવ્યા. માતા તે કાપવા



બેઠી એટલે બધાં બાળકો માતાની ફરતે ગોળાકાર બેસી ગયાં. માતાએ ફણસની નાની નાની ચીરીઓ કરી કહ્યું; 'વિન્યા, બધાંને ઘેર એકેક ચીરી વહેંચી આવ.' વિનોબા એ વહેંચી આવ્યા. હવે થાળીમાં બેચાર ચીરી જ વધી હતી. એ બાળકોને ખાવા આપીને કહ્યું; 'પહેલાં બીજાને આપીને પછી જ આપણે ખાવું જોઈએ.' જે દે તે 'દેવ' અને જે રાખે તે 'રાક્ષસ'.

માતાએ વિનોબાને કહ્યું; 'મરાઠીમાં અનુવાદ થયેલી ગીતા હોય તો લાવી આપ.' વિનોબા એક પુસ્ક લઈ આવ્યા પણ એની ભાષા ખૂબ અઘરી લાગતાં, માતાએ તેમને કહ્યું; 'ગીતાનો મરાઠીમાં સરળ અનુવાદ તું કરે તો કેવું?' તે વખતે તો નહીં પણ વર્ષો પછી તેઓ સરળ અનુવાદ કરી શક્યા. એનું નામ રાખ્યું : 'ગીતા આઈ'-'ગીતા માતા'.

—સંકલન

'મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ૦
પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે.....જનનીની૦
ગંગાનાં નીર તો વધેઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.....જનનીની૦
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારેમાસ રે.....જનનીની૦'

—બોટાદકર

## ॥ માતા ચંદ્રિકા ઠકાર અને વિમલાજી ॥

ઈ.સ. ૧૯૨૩માં મહારાષ્ટ્રના આકોલામાં બાપુસાહેબ અને ચંદ્રિકા ઠકારને ત્યાં અવતરેલી બાલિકાને તેના નાનાએ 'દુર્ગા' કહીને આવકારી, માતાપિતાએ 'વિમલ' નામ આપ્યું અને જગત આખામાં તે 'વિમલા' તરીકે ઓળખાયાં.

❋

માતાના ગર્ભમાં વિમલાજી હતાં ત્યારે જ તેમના નાનાજીને સંકેત મળેલો કે 'આ વખતે જે જીવ અવતરવાનો છે એ તમારા લોકોના પરિવારના એકલાનો નથી.'

❋

વકીલ બાપુસાહેબનાં લગ્ન ઐશ્વર્યમંત યાદવરાયની પુત્રી ચંદ્રિકા સાથે થઈ ગયાં પણ પોતે આર્થિક રીતે સક્ષમ નહીં થાય ત્યાં સુધી પત્નીને તેડશે નહીં એમ કહી દીધેલું. પણ તેઓ નાગપુર કોઈ કામે ગયેલા ત્યારે તેમને ત્યાં પત્ની જાતે ઘરે આવી ગયેલાં ! એમણે કહી દીધું : 'હું મારા પતિગૃહે આવી છું. કોર્ટમાં ફોજદારી કેસ નહીં લડવાના, દીવાની લડવા હોય એટલા લડજો. જુઠ્ઠાણા કે પાપનો પૈસો ઘરમાં ન જોઈએ. માથું ઊંચું રાખીને ગર્વથી જીવી શકાય એટલું પૂરતું છે.'

❋

આવાં મૂલ્યનિષ્ઠ માતાપિતાને ત્યાં ચાર ભાઈઓ અને એક બહેન સાથે વિમલાનો ઉછેર થયો. સવારે ૫॥ વાગે માતાપિતા ઘંટીએ બેસે પછી બધાં સંતાનોએ વારાફરતી બેસવાનું. છ વાગ્યે ઘરનાં સર્વ



અગાસીમાં સાથે સૂર્યનમસ્કાર કરે. પછી સૌએ દૂધ પીવાનું.

❋

વિમલા મેટ્રિકમાં પ્રથમ વર્ગમાં આવી અને મોટાભાઈ ઈન્ટર પાસ થયા. બંને હરખાતાં-હરખાતાં ઘરે આવ્યાં. પિતાજીએ અભિનંદન આપ્યાં ને બંનેને કહ્યું; 'આજે તમે રસોઈ બનાવો.' બાળકને થયું બીજાને ત્યાં મીઠાઈ લાવે અને અમારે આવા પ્રસંગે કામ કરવાનું ? બંનેએ રિસાઈને રસોઈ ન કરી. બિસ્કિટ ખાઈ લીધાં. માતાપિતા ભૂખ્યાં રહ્યાં. છેક સાંજે ચાર વાગ્યે ભાઈએ સગડી સળગાવી ને પિતાજીએ મદદ કરી. રસોઈ થઈ. (રોજ મા રસોઈ કરે તો રજાના દિવસે પિતા રસોઈ કરતા. માટે આવો આગ્રહ હતો)

❋

પિતા એકાંતપ્રિય. માતાને હર્યુંભર્યું ગાજતું ઘર ગમે. લોકોને જમાડવા ગમે. પાડોશમાં કોઈ બીમાર હોય તો તરત દોડી જાય. માંડ ચાર ચોપડી ભણેલાં, પતિ-પુત્રીઓએ થોડું અંગ્રેજી શીખવાડેલું.

❋

વિમલાની ઇચ્છા બનારસ જઈ એમ.એ. કરવાની હતી. પણ મા નાગપુરનો આગ્રહ રાખતી હતી. એટલે વિમલે અકળાઈ જઈ કહી નાંખ્યું; 'મા, તું નહીં સમજે. તું ભણી નથી ને એટલે કહીશ તોયે નહીં સમજી શકે.' પિતાજી આ સાંભળી ગયા, વિમલને ઠપકો આપતાં કહ્યું; 'પહેલાં માના પગ પકડી માફી માગ. તમારા માટે એણે હાડમાંસ ખર્ચ્યાં છે.' વિમલે તરત માફી માગી. તેઓ નોંધે છે કે, 'પિતાજીની પાસે જીવનની

સમજદારીના શિક્ષણની આવી શૈલી હતી.'

ઈ.સ. ૧૯૫૧માં અમેરિકા વિશ્વયુવક પરિષદમાં ભાગ લેવા પસંદ થનાર વિમલ ગભરાતી હતી. ત્યારે માતાએ કહ્યું; 'તું એકલી તો નથી કે આટલો ગભરાટ થાય. ઈશ્વરનિષ્ઠ વ્યક્તિ કદી એકલી હોતી જ નથી. નિર્મલ ચિત્ત, ઈશ્વરનિષ્ઠાની પાંખો લઈને દુનિયાભરમાં વિહાર કર. તું સર્વત્ર, સર્વથા અને સદૈવ સુરક્ષિત રહીશ.'

❁

એક વાત બીજી કહેલી; 'હૃદયમાં પોતાના દેહ પ્રત્યે ભોગવાસના ન હોય તો ખરાબ નજરે જોવાની લાલસા કોઈ પુરુષમાં જાગ્રત થતી નથી. આપણી વાસના જ સામેનાની આંખમાં લાલસા બનીને ભભૂકે છે.' -એકાંતની વિક્ષુબ્ધતામાં એકલતા-એકાકીપણું ન અનુભવ્યું એ માતાનું વરદાન હતું.

❁

વિમલાજી લખે છે : ''મા' એક અદ્‌ભુત વ્યક્તિ રહી છે મારા જીવનમાં.' માતૃત્વને ગૌરવાન્વિત કરનાર એ મહિમામયી નારી સમક્ષ મસ્તક નમ્રતાથી ઝૂકે છે. શુભ પ્રવૃત્તિઓના ઝરણારૂપે તેમનું જીવન વહ્યું હતું. સેવારૂપે શીલ હાજર હતું. નિર્ભયતા તેમના પ્રાણનું સ્પંદન હતું. સૌથી મોટું વરદાન તેમની પાસેથી એ મળ્યું કે, 'માણસની નિષ્ઠાનાં કિરણો સંસારની સમસ્ત શુભ શક્તિઓને આકર્ષે છે.'

—સંકલન

'જનની જણ કો' ભક્તજન, કાં દાતા, કાં શૂર
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.'



# ॥ માતા ભીખીબા અને 'મા' સર્વેશ્વરી ॥

ભીખીબા શ્રી કાલિદાસ બાપુજીના સેવાક્ષેત્રના મિત્રો-સેવકોની સેવા કરી અડધી રાત્રે અતિથિઓનાં વૃંદોને જમાડતાં. પતિના દરેક સત્કર્મમાં સમજપૂર્વક મૌન રહીને સહયોગ ધરતાં તેઓશ્રી સાચા અર્થમાં સહધર્મચારિણી હતાં.

❁

ઘરની વાડીનાં કેળાં-કેરી-ચીકુ ગાડાં ભરીને આવતાં ભીખીબા જ તેમને ગોઠવતાં-પકવતાં-વહેંચતાં. ફળિયામાં, ગામનાં નિકટનાં ઘરોમાં ને શાળાનાં બાળકો માટે ફળોની પકવણી પોતે જ કરતાં.

❁

ભીખીબાનો ક્ષમાનો સદ્‌ગુણ અદ્‌ભુત હતો. ઉનાળાનો ભરબપોર હતો ત્યાં વાડામાંથી ધીરુભાઈ દાખલ થાય છે. નાનકડી સુશીલાનો રડવાનો અવાજ સંભળાય છે. ઘરમાં બીજું કોઈ નથી એટલે ધીરુભાઈ એને હાથમાં લે છે, પણ રડવાનું ચાલુ જ છે. ધીરુભાઈને થયું; તાપ બહુ જ છે તો લાવ આ મોટા તપેલાના પાણીમાં એને ઝબકોળું તે તેને પાણીમાં ઝબકોળે છે તો રડવાની ચીસ વધુ તીવ્ર બને છે. ફરી ઝબકોળે છે ત્યાં જ ભીખીબા માળ ઉપરથી સાબુ લઈ ઝડપથી ઊતર્યાં. જોયું તો ધીરુભાઈ જે પાણીમાં એને ઝબકોળતા હતા તે ઉકળતા પાણીનું તપેલું છે. સખત તાપમાં તેની વરાળ તેમને દેખાતી નથી. એ પાણીમાં ચાદરો બોળવાની હતી.

ભીખીબા સુશીલાને ઊંચકી લે છે. અર્ધું શરીર દાઝી ગયું છે.

ભાણેજને એક પણ શબ્દ ઠપકાનો કહ્યા વિના આગળના હીંચકે પાતળા ખાદીના કટકામાં દીકરીને વીંટીને સતત હીંચકા નાંખીને તેની અગનવેદના શાંત કરવા તેઓ મથે છે. 'મા' લખે છે : 'હે ક્ષમાની મહાદેવી ! આપના ચરણે લક્ષકોટિ પ્રણામની પણ કોઈ કિંમત નથી. ક્ષમાના સદ્‌ગુણને કેટલી હદ સુધી વિકસાવી શકાય તેનું સર્વોત્તમ સ્વર્ગીય દર્શન આપે કરાવ્યું. ક્ષમાનો એકડો અમારી જીવનસ્લેટ પર ઘૂંટાવતાં રહેજો.'

❁

ભીખીબામાં હિંમતનો સદ્‌ગુણ પણ જન્મજાત હતો. એકવાર ઓરણા ગામમાં કોઈ નિકટના સગાનું મરણ થતાં એક વરસનાં સાવિત્રીબહેનને લઈને નોકર તેમજ બીજા બે-ત્રણ બહેનો સાથે વ્યારાથી બારડોલી ટ્રેનમાં ગયાં. બીજે દિવસે વ્યારાથી કપૂરા ચાલતા આવવાનું હતું પણ વરસાદને લીધે નદીમાં પૂર હતું. નદી પાર કરવા તુંબડું બાંધવાનું હતું. ભીખીબાએ તુંબડાના સહારે સામે પાર જવા ઝંપલાવ્યું. એક વર્ષની નાની દીકરી સાથે જાનનું જોખમ વહોરીને પ્રયોગ કર્યો. હરિએ પાર ઊતરી દીધાં !

❁

બાપુજીનાં બહેન ત્રણ સંતાનોને પૃથ્વી પર છોડી સ્વર્ગવાસી થયાં તો આ ત્રણેને ભીખીબા કપૂરા લઈ આવ્યાં.

ભીખીબા ફૂલઝાડનું જતન સ્વયં કરતાં. 'મા' નોંધે છે : 'જેમનું જીવન સુગંધિત હોય એને સુગંધિત ફૂલો જ જાણે પ્રિય હોય !'

—સંપાદન



# ॥ જીજાબાઈ અને શિવાજી ॥

મહારાષ્ટ્રના પૂનાથી પચાસેક માઈલ દૂર શિવાઈ માતાના મંદિરથી સુશોભિત શિવનેરી કિલ્લામાં જીજાબાઈને અંકે પુત્ર અવતર્યો એટલે એનું નામ પડ્યું 'શિવાજી'. પણ વિધિની કરુણતા એ હતી કે, એ સમયે જીજાબાઈને એકલાં મૂકીને શિવાજીના પિતા શાહજી ભોંસલેને બિજાપુરની ચાકરી સ્વીકારીને દૂર બેંગલોર તરફ જવું પડ્યું.

આમ અંધાધૂંધીનાં કડવાં ફળ ચાખનારી જીજાબાઈએ મનોમન ગાંઠ વાળી હતી 'સ્વરાજ્ય'ની સ્થાપનાની ! પતિ શાહજીએ આ કામમાં સાથ આપવાનો પ્રયત્ન કર્યો પણ સંયોગોએ સાથ આપ્યો નહીં. (હિંદુ સામ્રાજ્યના ખંડિયેરો પર અનેક નાનાંમોટાં મુસ્લિમ રાજ્યો ઊભાં થયાં. અને આંતરિક કલહોએ પણ માઝા મૂકી દીધી હતી.)

પતિનું બાકી રહેલું એ કાર્ય પોતાના પુત્ર શિવાજી દ્વારા પૂરું કરવવાનો સંકલ્પ જીજાબાઈએ કર્યો અને એ રીતે એનું ઘડતર કર્યું.

શાહજીએ પુત્ર શિવાજીને બિજાપુર તેડાવ્યો, એવા હેતુથી કે એને પણ નાની એવી સરદારી મળી જાય. પણ શિવાજીએ ત્યાં આવતાં જે જોયું, તે સુલતાનને મોઢામોઢ કડક શબ્દોમાં કહી દીધું : 'છડેચોક ગાયો કપાય છે, ગોમાંસ વેચાય છે તેથી હિન્દુ વસતીનું દિલ દુભાય છે અને એમાંથી ઝઘડા ઊભા થાય છે. આ વાત બરાબર નથી.' અને સમજુ સુલતાને ફરમાન બહાર પાડ્યું.

આ બધું તાત્કાલિક બંધ કરવાનું.

પણ આ ફરમાનની વિરુદ્ધ જઈ કેટલાંક ઉમરાવોએ એક કસાઈને ભરબજારમાં ગોમાંસ વેચવા જવા કહ્યું. એણે ધૃષ્ટતાથી શિવાજીને જ સીધું પૂછ્યું; 'છોટે સરકાર, ગાયનું માંસ ખરીદશો ?' અને શિવાજીની તલવાર ઝબકી અને કસાઈનું માથું ભોંયભેગું થઈ ગયું.

આ પ્રસંગ પછી પિતાજી શાહજીએ શિવાજીને ઠપકો આપ્યો : 'તારે પણ મારી જેમ સરદારી કરવાની છે. આવો રૂઆબ આપણને પાલવે નહીં !' તો શિવાજીએ કહી દીધું : 'પિતાજી, હું તમારો પુત્ર છું તેમ સહ્યાદ્રિની પુત્રી જેવી અટંકી સ્વમાની જીજાબાઈનો પુત્ર પણ છું. મને ચાકરી કરવી પોસાશે નહીં. મને આજ્ઞા આપો, હું મારી મા પાસે પાછો જઈને રહીશ.'

ને પિતાની ચરણરજ લઈને શિવાજીએ વિદાય લીધી પણ પ્રતીતિ કરી કે, 'છોકરો અદલ તેની મા પર ઊતર્યો છે. એવો જ જિદ્દી, એવો જ સ્વમાની !'

મા પાસે પાછા ફરેલા શિવાજીને સ્વરાજપ્રાપ્તિ માટે સંસ્કારિત કરવાનું તેમજ રાજ્યવહીવટનું કામ એકલે હાથે કરવાનું જીજાબાઈને માથે આવી પડ્યું. સ્મશાનવત્ બનેલા પૂનાને ફરી નંદનવન કરવાનું કામ આરંભ્યું. પહેલાં તો ઉજ્જડ બની ગયેલી જમીનને ધનધાન્યથી હરીભરી કરવા શક્ય એટલી બધી સહાય કરી. એક મા જેમ પુત્રનું ઘર વસાવવા ચિંતિત હોય તેમ સમગ્ર પ્રજાનાં ઘરબાર વસાવવા ચિંતા ને કાળજીભરી



સહાય કરી. દાદાજી કોંડદેવની સહાયથી પૂના પુનર્જીવિત કરવાનું વિકટ કાર્ય પાર પડ્યું.

વહીવટના કામકાજ સાથે જીજામાતાનું સતત ધ્યાન શિવાજીના શિક્ષણ અને સંસ્કાર પર રહેતું. અક્ષરજ્ઞાનની સાથેસાથે ઘોડાદોડ, યુદ્ધકૌશલ્યને લગતું શિક્ષણ પણ અપાતું. શારીરિક, બૌદ્ધિક શિક્ષણની સાથે વ્યવહારનું જ્ઞાન પણ દાદાજી આપતા. શિવાજી પણ બુદ્ધિચાતુર્ય, કુશળતા-ઉત્સાહથી બધું જ ઝડપથી શીખી લેતા.

શિવાજી મિત્રો સાથે પણ યુદ્ધની રમત રમતા. એકવાર તેઓ પોતાના બાળમિત્રો સાથે કિલ્લા જીતવાની રમત રમી રહ્યા હતા. એમાં શિવાજી હાર્યા. જીજામાતાથી તે જોયું ન ગયું. તરત બૂમ પાડી શિવાજીને બોલાવ્યા. ગાલ પર એક જોરદાર તમાચો પડ્યો. માતાએ ખુલાસો કરતાં કહ્યું, 'આજે તમે હારી ગયા તેને માટે આ તમાચો મળ્યો છે.' શિવાજીએ કહ્યું; 'હું તો રમત જ રમતો હતો. કાયમ તો હું જીતું છું. આજે મિત્રોને વિજયનો આનંદ આપવા હું હાથે કરીને હારી ગયો.' જીજામાતા દૃઢ સ્વરે બોલ્યાં; 'રમતમાં પણ પરાજયનો સ્વીકાર તમે કેમ કર્યો ? તમારે મોટા થઈને આ ભૂમિને વિદેશી શાસકોની ચુંગાલમાંથી છોડાવવાની છે. તમે હારનો તો સ્વપ્ને પણ વિચાર ન કરી શકો. તમારે તો માત્ર વિજય અને વિજય જ પ્રાપ્ત કરવાના છે.' શિવાજીએ માતાનાં આંસુ લૂછતાં કહ્યું; 'મા સાહેબ, મારી ભૂલ થઈ ગઈ. ક્ષમા કરી દો. હવેથી રમતમાં તો શું સ્વપ્નમાં પણ પરાજય મેળવીશ નહીં.' ને માતાના અશ્રુભીના ચહેરા પર

નવું જ તેજ ચમક્યું. આ મહાન માતાના હૃદયમાં સ્વરાજ્ય સિવાય કશાનો વિચાર સુદ્ધાં પ્રવેશતો ન હતો. પુત્રના હૃદયમાં પણ 'સ્વરાજ્યમંત્રનું જ રટણ' હોય તે જ તેમની મહેચ્છા હતી. આ દઢ મનોબળથી જ જીજામાતા બાળ શિવામાંથી પોતાની કલ્પનાના છત્રપતિ શિવાજી મહારાજ ઘડી શક્યાં. શિવાજી પણ માત્ર 'છત્રપતિ' જ નહીં પરંતુ 'સ્વરાજ્યના ગોબ્રાહ્મણ પ્રતિપાલક' એવા રાજા બની રહ્યા.

જીજાબાઈ તથા શિવાજી બંગરૂળમાં શહાજી પાસે આવ્યાં ત્યારે શહાજીએ બીજાં લગ્ન કર્યાં હતાં અને એમને તુકાબાઈથી એક પુત્ર વ્યંકોજી પ્રાપ્ત થયો હતો. એક રાતે મોડે સુધી બંને પુત્રો (શિવાજી-વ્યંકોજી) ન દેખાતાં જીજાબાઈએ તપાસ કરાવી તો જાણવા મળ્યું કે, 'નૃત્યગૃહના દરવાજાની તિરાડમાંથી તેઓ નૃત્ય જોઈ રહ્યા હતા.' જીજાબાઈએ શિવાજીને ઠપકો આપી કહ્યું, 'ગુલામીનું સામ્રાજ્ય હોય ત્યારે કોઈ આનંદ મનાવી જ કેમ શકે !' શિવાજીને જો આ વૈભવ-વિલાસનો ચસકો લાગી જાય તો સ્વરાજ્ય સ્થાપના માટે તેઓ કેવી રીતે રહી શકે ? જીજાબાઈની કલ્પનામાં પુત્ર સ્વરાજ્યનો સંસ્થાપક એક તપસ્વીની જેમ સ્વરાજ્યના જાપ હરપળ જપતો હોય એ હતો. એનાથી વિપરીત બને તો પોતાની અખંડ તપસ્યાનું શું ? ને તરત જ બંગરૂળ છોડી, પતિના સાન્નિધ્યનો ત્યાગ કરી; એ રાજમાતા પૂના આવી ગયાં.

હવે શિવાજી ખરેખરા યુદ્ધની તૈયારીઓમાં લાગી ગયા. પંદર વર્ષે જ માવળાના સાથીઓ સાથે શિવાજીએ કિલ્લાઓ



જીતવાના શરૂ કરી દીધા. 'રખડતા છોકરાઓની ટોળકી'માંથી તેઓ 'સ્વરાજના લોકપ્રિય રાજા' બનવા લાગ્યા. અનેક સરદારો અને સુલતાનોને પરાજિત કર્યા. તેમની વ્યૂહરચનાઓ અદ્‌ભુત રહેતી. મોગલો અને આદિલશાહના નાકે દમ આવી ગયો. શિવાજીની ફરિયાદો શહાજી પાસે આવી. તેઓ ખુશ હતા, જીજાબાઈએ સોંપેલ કાર્ય તેમણે આબાદ પાર પાડ્યું હોવાથી સંતુષ્ટ હતા. પણ આદિલશાહે શહાજીને દગો કરી કેદ કર્યા. હવે શિવાજીની કસોટી હતી. પોતાનાં કરતૂતોથી પિતાને આંચ ન આવવી જોઈએ તેવું દઢતાપૂર્વક માનતા શિવાજીએ માતાને કહ્યું. 'મા સાહેબ, પિતાને આદિલશાહની જાળમાંથી છોડવવા માટે સ્વરાજ્યના બધા જ કિલ્લા-પ્રદેશો આપી દેવા પડશે.' ત્યારે જીજામાતાએ ચમકીને કહ્યું; 'આ શું બોલ્યા ? મારા સુખ-સ્વાર્થ ખાતર હું સ્વરાજ્યની રાંક પ્રજાના સુખચેનની હોળી કરી દઉં ? નહીં શિવબા, એ ક્યારેય નહીં બને. પિતાને બચાવવા મા ભવાનીનું નામ લો. અન્ય યુક્તિ શોધો.'

મા ભવાનીની કૃપાથી શિવાજીએ વિનાવિઘ્ને પિતાને મોગલ શાહજાદાને પત્ર લખી તેમનું શરણ લઈ છોડાવ્યા. શહાજીને કર્ણાટકમાં પુનઃ કામગીરી મળી. સ્વરાજ્ય અને પ્રજાના લાલનપાલનમાં ઉત્સુક જીજાબાઈના જીવનમાં વળી એક દુઃખદ ઘટના બની. શહાજી કર્ણાટકમાં અશ્વ પરથી પડી જતાં મૃત્યુ પામ્યા. આઘાતવિહ્‌વળ જીજામાતા સતી થવા તૈયાર થયાં. પણ શિવાજીએ પોતાના સ્વરાજ્યકાર્યમાં પ્રેરણા આપવા માને થોભી જવા કહ્યું. છેવટે માતાએ પુત્ર આગળ નમતું જોખ્યું.

માતાની ચરણરજ લઈ શિવાજીએ અફઝલખાનનો વધ કર્યો. વિજયના એક એક પુષ્પ માતાને ચરણે ધરતાં શિવાજીને અનહદ આનંદ થતો. એકવાર શિવાજીને રાજા જયસિંહ સાથેના યુદ્ધમાં પ્રિય પુરંદર કિલ્લો ઉપરાંત ૨૩ કિલ્લા, રોકડ તેમજ પુત્ર શંભાજી સંધિમાં આપી દેવાં પડ્યો. તેમનાથી આ પરાજય સહન ન થયો. સીધા પોતાના ખંડમાં જઈ દ્વાર બંધ કરી બેસી ગયા. જીજામાતાએ આણ દીધી ત્યારે દ્વાર ઉઘડ્યાં. શિવાજીનાં લાલઘૂમ નેત્રો, તેજહીન ચહેરો જોઈ માતાએ કહ્યું, 'ક્યારેક તો જીવનમાં પરાજયનો પણ સામનો કરવો પડે ને ! મા ભવાનીનું નામ લઈ વિજય પ્રાપ્ત કરો. મોગલોને બતાવી દો કે ફરી શિવાજી સાથે પનારો પાડવો કાંઈ સહેલો નથી. પુનઃ યુદ્ધનો આરંભ કરો. વિજયો તમારી રાહ જુએ છે.'

માતાની પ્રેરક વાણીની જાદુઈ અસર હોય એમ શિવાજીની નિરાશાનાં ઘનઘોર વાદળો વિખેરાઈ ગયાં. ને સ્વરાજ્યના બધા જ કિલ્લા જીતી લઈ ફરી સ્વરાજ્યને સમૃદ્ધિના શિખર પર બિરાજમાન કર્યું.

શિવાજી રાજાનો રાજ્યાભિષેક કરી તેમને વિધિવત્ છત્રપતિ બનાવનાર પણ જીજામાતા જ હતાં. શિવાજીને રાજ્યાભિષેકનો ખર્ચો નકામો લાગતો હતો ત્યારે તેમણે સમજાવ્યું કે, 'રાજ્યાભિષેક માત્ર વૈભવ માટે નહીં, પરંતુ મોગલો-સુલતાનોને બતાવી દેવા માટે છે. હિંદુ રાજાઓનું શૌર્ય મરી પરવાર્યું નથી. મુસ્લિમ રાજાઓની પડતી થઈ છે અને હિન્દવી સ્વરાજ્યનો ડંકો વાગ્યો છે ને વિશ્વમાં સહુને બતાવવાનું છે. રાજ્યાભિષેક તેને માટે આવશ્યક છે.'



આમ, શિવાજી મહારાજનો રાજ્યાભિષેક ધામધૂમથી થયો. સ્વરાજ્યના મન્ત્રને જપી-જપીને જીવનાર માતા જીજાબાઈને જીવન ધન્ય થયેલું લાગ્યું. તેઓ 'સ્વરાજ સ્થાપના' માટે જ જીવતાં હતાં. એમની આજીવન ઇચ્છા એકમાત્ર 'સ્વરાજ્ય'ની હતી. એ પૂર્ણ થતાં રાજમાતાને જીવન જીવવું વ્યર્થ લાગવા માંડ્યું અને રાજ્યાભિષેક પછીના બારમા દિવસે જીજામાતાનો પ્રાણ સુખેથી આ સંસાર છોડી અનંત યાત્રાએ નીકળી પડ્યો.

ધન્ય સ્વરાજ્યની આ દેવીને ! ધન્ય તેના માતૃત્વને !

—સંકલન

વ્રજમાં નારદ 'નંદ-યશોદાનું ઘર ક્યાં આવ્યું ?' એમ પૂછે છે ત્યારે એક વ્રજવાસી કહે છે : 'આંસુની ખારી ભીનાશથી પોચી બનેલી આ કેડી, જેના આંગણામાં અટકે એ જ નંદ-યશોદાનું ઘર !'

❋

યશોદાના વાક્યમાં 'શ્રીકૃષ્ણવિરહિત વ્યથા'નો દરિયો છલકાય છે : 'નારદ, મથુરાથી આવ્યા તો પૂછતા તો આવવું હતું કે રાણી દેવકીના અંતઃપુરમાં કોઈ દાસીનો ખપ છે કે નહીં ?'

❋

ઉદ્ધવ રાધાને કહે છે : 'વસુદેવ-દેવકીપુત્ર કૃષ્ણનો સંદેશ લઈને આવ્યો છું.' એ સાંભળતાં જ રાધા વ્યંગ કરે છે : 'કંઈ ઓળખાણ પડી નહીં. અમારી બાજુના માણસો કંઈ માબાપનાં નામ બદલી નાંખતાં નથી.'

—હરીન્દ્ર દવે

## ॥ માતાજી સાથેના યાદગાર પ્રસંગો ॥

❁ ઈ.સ. ૧૯૫૪માં સાબરમતી પાવરહાઉસમાં માતાજીનું પ્રથમ દર્શન થયું ત્યારે સફેદ સાડીમાં સજ્જ સ્વચ્છતા, સુઘડતા અને પવિત્રતાની મૂર્તિ સહેજે ધ્યાનાકર્ષક-વંદનીય બની.

❁ એકવાર પૂજ્યશ્રીના નિવાસસ્થાને હું દૂધ લઈને જાઉં છું. ત્યારે પૂ.માતાજી તે સ્વીકારી, પ્રસાદમાં થોડું દૂધ મને આગ્રહ કરીને પિવડાવે છે.

❁ દર ગુરુવારે પૂ.મહાત્માજી તથા માતાજી સાથે અમે શ્રી સાંઈબાબાની ત્રણ સ્તુતિઓ કરતાં. એકવાર રક્ષાબેનને તાવ આવતાં શ્રી સાંઈબાબાએ મહાત્માજીને દર્શન આપીને કહ્યું; 'શીરડી સાડાસાત રૂ. મોકલો તો તાવ ઊતરી જશે.' પૂ.મહાત્માજીએ એ રકમ મોકલી અને બેનનો તાવ ઊતરી ગયો.

❁ ઈ.સ.૧૯૫૮ પછી પૂ.મહાત્માજી માતાજી સાથે તારાબેનને ઘરે મણિનગર પધારતા અમે દર્શન કરવા જતાં ત્યારે માતાજી અમારી પાસે ભજન ગવડાવતાં અને થોડોક સત્સંગ પણ કરાવતાં. બંને અમને બસસ્ટેન્ડે મૂકવા આવતા.

❁ પૂ.માતાજી 'પ્રેમપૂર્ણ વ્યવહાર' કરવા વારંવાર અનુરોધ કરતાં, એમ કહીને : 'બધાંને કામ જ પ્રિય હોય છે.' રસોઈમાં પ્રભુસ્મરણ કરવાથી તે વાનગી પ્રસાદ બની જાય છે. અને આરોગનારને સારી શક્તિ મળે છે.

❁ માતાજીએ અમારા પરિવારને છેલ્લે કહેલું : 'બધાં ખૂબ પ્રભુસ્મરણ કરજો. તે જ સાથે આવશે.'

—શ્રી રંજનબેન ઠાકર



## ॥ 'સ્વર્ગારોહણ'માં પ્રભુનો પ્રાગટ્યદિન ॥

૧૫ ઑગસ્ટ એટલે પૂજ્યશ્રીનો પ્રાગટ્યદિન. આપણા સૌ માટે એક વિશેષ દિન! વળી, આ દિવસ ભારતનો સ્વાતંત્ર્યદિન એટલે બંને મહાન ઉત્સવોની ઉજવણી 'સ્વર્ગારોહણ'માં એકસાથે સંપન્ન થઈ.

સવારે ૬.૩૦ વાગ્યે કાર્યક્રમની શરૂઆત 'લીલામૃત'ના મૌન પારાયણથી થઈ. ૭ વાગ્યે પ્રભાતવંદના તેમજ પ્રાર્થના-પ્રણામ પછી ધ્વજવંદન માટે સૌ એકત્રિત થયાં. સર્વેએ મંત્રજાપ કરી, ફરકતા ધ્વજને હાથ જોડીને વધાવી, રાષ્ટ્રગીત ગાયું. પછી પૂ.શ્રી યોગેશ્વરજીએ રચેલાં દેશભક્તિનાં ગીતો રથી-દિશા-નિલેશભાઈએ બહુ ભાવથી ગાયાં.

ત્યારબાદ શ્રી રાજુભાઈએ પૂ.'મા'નાં વચનોની યાદ આપતાં કહ્યું કે, 'રોજ દેશ તેમજ દેશના સૂત્રધાર માટે એમ બે પ્રણામ કરવા અને દિવસનો પ્રારંભ 'દર્શનામૃત'થી કરવો. અને પ્રભુનો સત્સંગ પણ D.V.D. દ્વારા કરવો. ભારતના નાગરિક તરીકે દરેકે એક ખાદીનો રૂમાલ રાખવો.'

૯.૪૫ મિનિટે સરોડાધામ પાસેથી પ્રભુના બાળસ્વરૂપની શોભાયાત્રા આરંભાય છે. બે સાધકો એ સ્વરૂપને લઈને ચાલે છે, અન્ય સાધકો મંત્રજાપ સાથે જોડાય છે અને ગંગાજળ છંટકાવ તેમજ શ્લોકોથી પ્રદક્ષિણા કરતાં કરતાં પ્રભુના પગલે-પગલે બેનોએ દીપ પ્રગટાવ્યા. શ્રી યોગેશ્વર અષ્ટકમ્‌ના ગાન સાથે પ્રભુને પારણામાં પ્રતિષ્ઠિત કરી. 'પ્રભુ પધાર્યા. પ્રભુ

પધાર્યા'ના આનંદનાં આંદોલનોથી બધાં ભક્તહૃદય ઝંકૃત થઈ ગયાં, જન્મને વધાવતાં પદોના ગાનથી હૉલ છલકાઈ ઊઠ્યો.

ત્યારબાદ પ્રભુના પ્રવચનના ડી.વી.ડી. દર્શન-શ્રવણથી સૌ ધન્ય થયાં. બીજી એક ડી.વી.ડી.માં હેમલભાઈએ કેનેડામાં ભક્તોના સંકીર્તનમાં મગ્ન 'મા'નાં દર્શન કરાવ્યાં. અને હૉલમાં સતત સંકીર્તનથી એક એવો અદ્‌ભુત માહોલ ઊભો થયો કે, 'દૃષ્ટા-દૃશ્ય' બધાં એકરૂપ-એકરસ થઈ ગયાં ! 'સ્વર્ગારોહણ'માં ભક્તિનો આ અખંડ એકરસ અનુભવ સાચે જ અવિસ્મરણીય રહ્યો.

ત્યારબાદ દરેક ભક્તને પ્રભુનું પારણું ઝુલાવી, પુષ્પઅર્ઘ્ય અર્પી, પ્રસાદનો સ્નેહાધિકાર મળ્યો.

મહાપ્રસાદ પછી બપોરની ત્રણની બેઠક 'લીલામૃત'થી આરંભાઈ ત્યારબાદ 'યોગતીર્થ'ની પ્રદક્ષિણા કરી, પ્રભુનાં વિવિધ સ્વરૂપોનું દર્શન કરી ભક્તો ધન્ય બન્યા.

ત્યારબાદ આ વર્ષે જુલાઈમાં અતિવૃષ્ટિને લીધે ડાંગ-આહવામાં ભારે નુકશાન થયું હતું, જેમાં સ્વર્ગારોહણની યુવા-ભક્ત મંડળીએ રાહતકાર્યનું કામ ઉપાડી લીધેલું એ ડી.વી.ડી. દર્શાવવામાં આવી. પછી વ્યક્તિગત સાધના, સાંજે ૮ વાગે સાયંવંદના-પ્રાર્થના-માળા-આરતી-લીલામૃતનું પારાયણ પછી પ્રભુનું ડી.વી.ડી. દર્શન લબ્ધ બન્યું.

બીજે દિવસે નિત્ય પ્રાર્થના-પ્રણામ-પ્રદક્ષિણા-વંદના-પારાયણ બાદ 'સ્વર્ગારોહણ'માં છાશવિતરણ થયું જેમાં ૧૨૦ બહેનોને પ્રભુ અને 'મા'નો 'વિશેષ પ્રસાદ' મળ્યો.



ત્યારબાદ 'પદ્માસનનો પ્રયોગ' પણ લીલામૃતના પારાયણ સાથે જોડવામાં આવ્યો. પછી એક કલાકના સમૂહજપ પછી મંત્રગાન અને ધૂન સાથે પ્રભુના બાળસ્વરૂપને ફરી સરોડા ધામમાં પધરાવ્યું.

આ કાર્યક્રમની પૂર્ણાહુતિ હંમેશની જેમ 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ ! કાર્ય અમારું સફળ કર્યું.' આ પ્રાર્થના સાથે થઈ.

—શ્રી રાજુભાઈ જાની
શ્રી મયૂરીબેન ટેલર

'ગોપીઓ ! ધન્ય છે તમને ! ધન્ય છે તમારા કૃષ્ણપ્રેમને ! હું તો તમારાં ચરણોની રજ બનવા પણ સમર્થ નથી. આ વ્રજભૂમિ ધન્ય છે ! આ વૃંદાવનને ધન્ય છે ! ભગવતી યમુનાનાં જળને ધન્ય છે કે, જ્યાં મયૂરપિચ્છધારી ઘનશ્યામ પગે ઘૂંઘરું બાંધી થૈ થૈકાર નાચ્યા. આ વાયુને ધન્ય છે કે જેમાં હજુ પણ બાળ નંદલાલના દેહનો પરિમલ વહે છે ! નંદરાજને ધન્ય છે ! ભગવતી યશોદાને ધન્ય છે ! તમે એક એવું સુખ, એવો આનંદ પ્રાપ્ત કર્યો છે જેનો નાશ કદાપિ થતો નથી. અન્ય તમામ સુખો ક્ષણિક છે. કૃષ્ણના સાન્નિધ્યે ગાળેલો સમય જ શાશ્વત છે.'

—ઉદ્ધવ